રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 256 | Dt. 27-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

SIRના નિર્ણયો સર્વસંમતિથી : EC

સુપ્રીમ કોર્ટમાં ચૂંટણી પંચનો જવાબ : મુખ્ય ચૂંટણી આયુક્ત દ્વારા એકતરફી નિર્ણયો લેવાયા હોવાના આરોપોને નકારી કાઢ્યા

નવી દિલ્હી, તા.૨૬

દેશભરમાં મતદાર યાદીના વિશેષ પુનરીક્ષણને લઈને ચાલી રહેલા વિવાદમાં હવે નવો વળાંક આવ્યો છે. મુખ્ય ચૂંટણી આયુક્તની નિર્ણય પ્રક્રિયા સામે ઊઠેલા સવાલો વચ્ચે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં પોતાનો પક્ષ રજૂ કર્યો છે. સોગંદનામામાં કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે, જેનો સીધો સંબંધ મતદારોના અધિકારો અને ચૂંટણી પ્રક્રિયા સાથે છે. આગામી સુનાવણીમાં આ જવાબનું શું મહત્વ રહેશે. તેના પર રાજકીય અને મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ - સર અને મુખ્ય ચૂંટણી આયુક્ત જ્ઞાનેશ કુમારની કામગીરીને લઈને ચાલી રહેલા વિવાદમાં મોટો ઘટનાક્રમ સામે આવ્યો છે. ચૂંટણી પંચે ૨૬ ઑક્ટોબર રોજ સુપ્રીમ કોર્ટમાં જવાબી સોગંદનામું દાખલ કર્યું છે. પંચે જણાવ્યું છે કે સર સંબંધિત તમામ મહત્વપૂર્ણ નિર્ણયો ત્રણેય ચૂંટણી આયુક્તોની સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા. સાથે જ મુખ્ય ચૂંટણી આયુક્ત દ્વારા એકતરફી નિર્ણયો લેવાયા હોવાના આરોપોને નકારી કાઢ્યા છે.

ચૂંટણી પંચે સોગંદનામામાં જણાવ્યું છે કે જૂન ૨૦૨૫, ઑક્ટોબર ૨૦૨૫ અને મે ૨૦૨૬માં સંબંધિત ત્રણેય આદેશ સર્વસંમતિથી



જારી કરવામાં આવ્યા હતા. પંચના જણાવ્યા મુજબ, ફાઇલ પર કોઈ આયુક્તની નોંધ, પ્રશ્ન કે સૂચનને અંતિમ નિર્ણય ગણાવી શકાય નહીં. સામાન્ય પ્રક્રિયામાં ફાઇલ બંને ચૂંટણી આયુક્તો પાસેથી પસાર થયા બાદ મુખ્ય ચૂંટણી આયુક્ત પાસે પહોંચે છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે નવા મતદારોની નોંધણી માટેના ફોર્મ-૬ (Form 6) માં કોઈ કાયદાકીય સુધારો કરવામાં આવ્યો નથી. જોકે ઓનલાઈન ફોર્મની રજૂઆતને કારણે ફેરફાર થયો હોવાની છાપ ઊભી થઈ શકે તેમ હોવાનું સ્વીકાર્યું છે. તેથી ૨૧ ઑક્ટોબરથી ઓનલાઈન ફોર્મ-૬ અને SIRનું ઘોષણાપત્ર અલગ રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

પંચના જણાવ્યા પ્રમાણે, જૂના રેકોર્ડ સાથે મેપિંગ ન થઈ શકેલા મતદારોને સામાન્ય રીતે સુનાવણી માટે કચેરીએ બોલાવવામાં નહીં આવે. બૂથ લેવલ ઓફિસર (BLO) ઘરે જઈ જરૂરી દસ્તાવેજો એકત્ર કરશે. ખાસ પરિસ્થિતિમાં જ સુનાવણી યોજાશે અને શક્ય હોય ત્યાં ઓનલાઈન વ્યવસ્થા અપનાવાશે.અરજદારો દ્વારા પંચની આંતરિક બેઠકોના રેકોર્ડ મંગાવવા અને મુખ્ય ચૂંટણી આયુક્તની કામગીરી પર વચગાળાનો પ્રતિબંધ મૂકવાની માગ કરવામાં આવી છે. ચૂંટણી પંચે આ માગનો વિરોધ કરતાં બંધારણની કલમ ૩૨૪(૫)નો ઉલ્લેખ કર્યો છે. પંચનું કહેવું છે કે CECને હટાવવાની પ્રક્રિયા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જેવી છે.

આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

આ કેસમાં ૨૭ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ સુનાવણી નિર્ધારિત છે. રાહુલ ગાંધી સહિત વિપક્ષી નેતાઓ અને અન્ય અરજદારોની અરજીઓ પર સુનાવણી થવાની છે. પંચે ગોવાના ૯૭ મતદારો અંગે પણ સ્પષ્ટતા કરી છે. તેના જણાવ્યા મુજબ ૮૮ની નોંધણી અરજીઓ સ્વીકારાઈ હતી, છ વિદેશમાં હતા અને ત્રણ પાસે પોર્ટુગીઝ પાસપોર્ટ હતા. હવે પંચના જવાબ અંગે સુપ્રીમ કોર્ટનું વલણ મહત્વપૂર્ણ રહેશે.

દિલ્હીના વેપારીઓને રાહુલ ગાંધીનો જવાબ

CECને હટાવો, 30 સેકન્ડમાં આંદોલન બંધ : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૨૬

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ૧ નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી વિપક્ષી ગઠબંધનની રેલી અંગે મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કરીને દિલ્હીના વેપારીઓને સંબોધિત કર્યા હતા. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, વેપારીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કહે કે, તેઓ 'આરોપી નંબર ૪' જ્ઞાનેશ કુમારને હટાવી દે, તો વિપક્ષનું આ આંદોલન માત્ર ૩૦ સેકન્ડમાં બંધ થઈ જશે. તેમણે દાવો કર્યો કે કોંગ્રેસ હંમેશાં વેપારીઓના પક્ષમાં મક્કમતાથી ઊભી છે.

રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં જણાવ્યું કે, કોંગ્રેસ દિલ્હીના દરેક વેપારી સાથે છે અને તેમની સમસ્યાઓ સાંભળી રહી છે. સરકાર પર પ્રહારો કરતાં તેમણે કહ્યું કે, મેટ્રો સરકારે બંધ કરી, રસ્તાઓ સરકારે સીલ કર્યા અને દેશની રાજધાનીને તાળાં પણ સરકારે જ માર્યા છે. તેમણે દાવો કર્યો કે, જો ચૂંટણીમાં મતોની



ચોરી થઈ જાય, તો દેશમાં કશું સુરક્ષિત રહેતું નથી, ન તમારી દુકાન, ન તમારી બચત કે ન તમારા બાળકોનું ભવિષ્ય. રાહુલ ગાંધીએ વેપારીઓને અપીલ કરી કે, તેઓ વડાપ્રધાન પાસે માંગ કરે કે 'આરોપી નંબર ૪' જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવામાં આવે, જેનાથી ૩૦ સેકન્ડમાં વિરોધ પ્રદર્શન બંધ થઈ જશે. જોકે, તેમણે આ પોસ્ટમાં સ્પષ્ટતા કરી ન હતી કે જ્ઞાનેશ કુમારને કયા આધારે 'આરોપી નંબર ૪' કહ્યા છે. વિપક્ષી ગઠબંધન INDIA દ્વારા વોટ ચોરી વિરુદ્ધ આગામી ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનને ધ્યાને રાખીને ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI)ના પ્રમુખ બ્રિજેશ ગોયલે રાહુલ ગાંધીને પત્ર પાઠવ્યો હતો. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, આ રેલી તહેવારોની સિઝનમાં થઈ રહી છે, જ્યારે ધનતેરસ અને દિવાળી નજીક હોવાથી બજારોમાં ગ્રાહકોની ભારે ભીડ રહેતી હોય છે. રામલીલા મેદાનની આસપાસ રેલી યોજાવાથી જથ્થાબંધ અને છૂટક બજારોમાં ખરીદી પર મોટી અસર પડી શકે છે.

CTI પ્રમુખ બ્રિજેશ ગોયલે જણાવ્યું હતું કે, દિલ્હીમાં ધનતેરસ અને દિવાળીના સમયગાળા દરમિયાન સોના-ચાંદી, ઈલેક્ટ્રોનિક્સ, કાપડ, વાસણો, ડ્રાયફ્રૂટ્સ, મીઠાઈઓ, વાહનો અને ભેટ-સોગાદો જેવા ક્ષેત્રોમાં આશરે ૨૫,૦૦૦ કરોડ રૂપિયાનો મોટો વેપાર થાય છે. આ વર્ષે ૬ નવેમ્બરે ધનતેરસ, ૮ નવેમ્બરે દિવાળી અને ૧૦ નવેમ્બરે ભાઈબીજ ઉજવાશે. તહેવારોના લગભગ ૧ સપ્તાહ પહેલાં બજારોમાં ખરીદીની રોનક ખૂબ વધી જતી હોવાથી, વેપારી સંગઠને આ રેલી ૧ નવેમ્બરના બદલે ૧૦ નવેમ્બર પછી યોજવા માટે રાહુલ ગાંધીને વિનંતી કરી હતી.

ભારતીય સેના બનશે વધુ શક્તિશાળી

૨.૧૨ લાખ કરોડના ઘાતક હથિયારો અને ડ્રોન ખરીદવા સરકારની મંજૂરી

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્ર સરકારે ભારતીય સેનાની તાકાત વધારવા ₹૨.૧૨ લાખ કરોડના સંરક્ષણ ખરીદી પ્રસ્તાવોને મંજૂરી આપી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી ઉઅઈ બેઠકમાં ત્રણેય સેના માટે આધુનિક હથિયારો, કામિકાઝે ડ્રોન, હેલિકોપ્ટર અને એર ડિફેન્સ સિસ્ટમને લીલી ઝંડી મળી છે. ખાસ વાત એ છે કે તેમાંથી ૮૨% ખરીદી ભારતીય ઉદ્યોગો પાસેથી કરવામાં આવશે, જેથી દેશની સુરક્ષા મજબૂત બનશે.

ભારતની સંરક્ષણ ક્ષમતા વધારવા માટે કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રક્ષામંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC)ની બેઠકમાં સશસ્ત્ર દળો માટે અંદાજે ₹૨.૧૨ લાખ કરોડના સંરક્ષણ ખરીદી પ્રસ્તાવોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ પ્રસ્તાવોમાં ભારતીય થલસેના, નૌસેના અને વાયુસેના માટે



આધુનિક હથિયારો, ડ્રોન, હેલિકોપ્ટર અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ સામેલ છે. આ નિર્ણયથી ત્રણેય સેનાની કાર્યક્ષમતા અને આધુનિક યુદ્ધનો સામનો કરવાની ક્ષમતા વધારવાનો પ્રયાસ કરવામાં આવશે.

થલસેના માટે હાઈ મોબિલિટી વ્હીકલ્સ, સેલ્ફ-પ્રોપેલ્ડ ટ્રેક્ડ ગન સિસ્ટમ અને ગન શોટ રિસ્પોન્સ સિસ્ટમ (GSRS) સહિતની વિવિધ પ્રણાલીઓને મંજૂરી મળી છે. મુશ્કેલ ભૌગોલિક વિસ્તારોમાં વાહનવ્યવહાર અને સૈન્ય સામગ્રી પહોંચાડવા હાઈ મોબિલિટી વ્હીકલ્સ ઉપયોગી બનશે. જ્યારે ટ્રેક્ડ ગન સિસ્ટમથી મિકેનાઇઝ્ડ સૈન્ય ટુકડીઓની ગતિશીલતા અને ફાયરપાવર વધશે. GSRS સૈનિકોને યુદ્ધક્ષેત્રની સ્થિતિ અંગે રિયલ-ટાઇમ માહિતી પૂરી પાડવામાં મદદ કરશે.

આ ઉપરાંત લાઇટ મલ્ટી રોલ હેલિકોપ્ટર (LMRH), વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ (VSHORADS), પ્લેટફોર્મ આધારિત કાઉન્ટર અનમેન્ડ એરિયલ સિસ્ટમ (C-UAS), લાંબા અંતરની માનવરહિત હવાઈ પ્રણાલીઓ, સર્વેલન્સ ગ્નઅટ, ઈન્ટિગ્રેટેડ સર્વેલન્સ એન્ડ સ્ટ્રાઇક સિસ્ટમ અને લાંબા અંતરના કામિકાઝે ડ્રોન સિસ્ટમને પણ મંજૂરી આપવામાં આવી છે. VSHORADS નાના અને નવી પેઢીના હવાઈ જોખમોનો સામનો કરવામાં મદદ કરશે, જ્યારે કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ યુદ્ધક્ષેત્રમાં ટેન્કોની સુરક્ષા વધારશે. સર્વેલન્સ અને ડ્રોન સિસ્ટમથી દુશ્મનની ગતિવિધિઓ પર નજર રાખવાની તથા ચોક્કસ નિશાન સાધવાની ક્ષમતા મજબૂત બનશે.

ભારતીય નૌસેના માટે એક્ટિવ ઑફબોર્ડ ડિકોય સિસ્ટમ (AODS) અને અન્ય મહત્ત્વપૂર્ણ નૌકાદળનાં પ્લેટફોર્મ ખરીદવાના પ્રસ્તાવોને મંજૂરી મળી છે. AODS આધુનિક એન્ટિ-શિપ મિસાઇલ સામે રક્ષણ વધારવામાં મદદરૂપ થશે. બીજી તરફ, સ્વદેશી ડિઝાઇન અને નિર્માણથી તૈયાર થનારા નૌકાદળનાં પ્લેટફોર્મ આધુનિક યુદ્ધની જરૂરિયાતોને પહોંચી વળવા નૌસેનાની લડાકુ ક્ષમતા વધારશે.

ભારત સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સમાં નોટિફિકેશન બહાર પાડીને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપી

સો ટકા ઈથેનોલથી ચાલતી કારને મંજૂરી

નવી દિલ્હી, તા.૨૬

ભારત સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સમાં મહત્વપૂર્ણ સુધારા કરીને ઊ૧૦૦ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને સત્તાવાર રીતે મંજૂરી આપી દીધી છે, જે ૧૦૦ ટકા ઇથેનોલ મિશ્રિત પેટ્રોલ પર ચાલવા માટે સક્ષમ હશે. કાર ઉત્પાદક કંપનીઓ દ્વારા બજારમાં નવા મોડેલો લોન્ચ કરવામાં આવે તે પહેલા જ સરકારે આ મોટો નિર્ણય લીધો છે. E85 અને E100 ઈંધણનો ઉપયોગ ફક્ત ખાસ ડિઝાઇન કરાયેલા વાહનોમાં જ થઈ શકશે. આ અત્યાધુનિક ટેક્નોલોજી હાલમાં બ્રાઝિલ અને અમેરિકા જેવા દેશોમાં ખૂબ પ્રચલિત છે, જેનાથી વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મોટી મદદ મળશે અને સાથે જ ક્રૂડ ઓઇલની આયાત પર ભારતની નિર્ભરતા પણ નોંધપાત્ર રીતે ઓછી થશે.

સરકારના એક ઉચ્ચ અધિકારીએ આ અંગે વધુ માહિતી આપતા



જણાવ્યું હતું કે, આ નવા સુધારા દ્વારા ઉત્સર્જનની જોગવાઈઓમાં E85 ની સાથે હવે E100 નો પણ સ્પષ્ટ સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે, અધિકારીઓએ ખાસ સ્પષ્ટતા કરી છે કે E85 અને E100 નો ઉપયોગ માત્ર તે માટે ખાસ ડિઝાઇન અને પ્રમાણિત કરાયેલા વાહનોમાં જ થઈ શકશે. તે અન્ય સામાન્ય વાહનો માટે લાગુ પડશે નહીં. E20 અથવા સામાન્ય બળતણથી ચાલતા વાહનો ક્યારેય E85 કે E100 ઈંધણનો ઉપયોગ કરી શકશે નહીં. આ ઉપરાંત, હાલના વાહન માલિકોને તેમના વાહનોમાં કોઈ ફેરફાર કરવા કે નવા ઈંધણ પર શિફ્ટ થવા માટે કોઈ પણ પ્રકારનું દબાણ કે ફરજિયાત સૂચના આપવામાં આવી નથી.

ફ્લેક્સ ફ્યુઅલ ટેક્નોલોજીની કાર્યપદ્ધતિ સમજાવતા અધિકારીઓએ ઉમેર્યું હતું કે, આ વાહનોમાં એક જ ફ્યુઅલ ટેન્ક હોય છે જેનો ઉપયોગ કરીને ઇથેનોલ અને પેટ્રોલના વિવિધ મિશ્રણ પર કાર સરળતાથી ચાલી શકે તે માટે એન્જિનને ખાસ રીતે ડિઝાઇન કરવામાં આવ્યું હોય છે. પરંપરાગત પેટ્રોલની સરખામણીમાં ઇથેનોલનું ફોસિલ કાર્બન ફુટપ્રિન્ટ ઘણું ઓછું હોય છે. ઇથેનોલના વધુ મિશ્રણથી પર્યાવરણને નુકસાન પહોંચાડતા કાર્બન મોનોક્સાઇડ (CO) અને અમુક ઝેરી હાઇડ્રોકાર્બનનું ટેલપાઇપ ઉત્સર્જન ઘટાડવામાં સીધી મદદ મળશે. પર્યાવરણના રક્ષણની સાથે સાથે આ નિર્ણય આર્થિક મોરચે પણ દેશને મોટો ફાયદો કરાવશે, કારણ કે ઇથેનોલના વધતા ઉપયોગથી વિદેશથી આયાત થતા મોંઘા ક્રૂડ ઓઇલ પરનો આધાર ઘટશે અને દેશનું હૂંડિયામણ બચશે.

વાવાઝોડું 'અર્નબ' રૌદ્ર : ૮ રાજ્યો પર સંકટ

કેન્દ્ર સરકાર પણ હાઈ એલર્ટ પર



નવી દિલ્હી, તા.૨૬

બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાતી તોફાન 'અર્નબ' વધુ વિકરાળ બનીને ઝડપથી આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આ સિસ્ટમ ગંભીર ચક્રવાતી તોફાનમાંથી અતિ ગંભીર તોફાનમાં ફેરવાઈ રહી છે. આ કુદરતી આફતને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકારે દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને તૈયારીઓની સમીક્ષા કરી છે. વાવાઝોડાની અસર હેઠળ આંધ્રપ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, તેલંગાણા, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશ સહિત પુડુચેરીમાં તંત્રને સંપૂર્ણપણે એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ વાવાઝોડું બુધવારે સવાર સુધીમાં આંધ્રપ્રદેશના બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે આવેલા યાનમ આસપાસ દરિયાકાંઠે ટકરાઈ શકે છે. લેન્ડફોલ વખતે પવનની ઝડપ ૧૧૫ થી ૧૨૫ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની અને ઝાટકા સાથે ૧૪૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની આશંકા છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ તમામ જિલ્લાઓમાં ૨૪ કલાક કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા અને કાંઠા વિસ્તારમાં સતત ચેતવણી આપવા આદેશ આપ્યા છે.

આઈએમડી ભુવનેશ્વરના ડિરેક્ટર મનોરમા મોહંતીના જણાવ્યા મુજબ, વાવાઝોડું ૨૬ ઓક્ટોબરની મધ્યરાત્રિ સુધીમાં ગંભીર અને ૨૭ ઓક્ટોબર સુધીમાં અતિ ગંભીર ચક્રવાતમાં ફેરવાશે. તેના કારણે ઓડિશામાં ૨૭ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે, જેમાં પુરી, ગંજમ, ગજપતિ, રાયગડા અને કોરાપુટમાં અત્યંત ભારે વરસાદ વરસી શકે છે. ૩૦ ઓક્ટોબરથી વરસાદનું પ્રમાણ ઘટશે.

વાવાઝોડું તીવ્ર બનતાં તમિલનાડુના દરિયાકાંઠે મોજાં ઉછળવા લાગ્યા છે અને દરિયો તોફાની બન્યો છે. સાવચેતીના ભાગરૂપે નાગપટ્ટિનમ બંદર પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. હવામાન વિભાગ અનુસાર, સિસ્ટમ પશ્ચિમ તરફ આગળ વધીને ચક્રવાતી તોફાન બની ચૂકી છે.

પશ્ચિમ બંગાળના તટીય વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની અને દાર્જિલિંગ જેવા પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલનની ચેતવણી જારી કરવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારોમાં પ્રવાસીઓની અવરજવર પર નિયંત્રણ મુકાયું છે અને માછીમારોને દરિયો ન ખેડવા કડક સૂચના અપાઈ છે.

વાવાઝોડાના પ્રભાવથી ઉત્તર પ્રદેશમાં ૨૮ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન કમોસમી વરસાદ, વાવાઝોડું અને વીજળી પડવાની શક્યતા છે. રાજ્યમાં ૨૮ ઓક્ટોબરે સોનભદ્ર, વારાણસી અને મિર્ઝાપુર સહિતના જિલ્લાઓમાં ૩૦ થી ૪૦ કિમીની ગતિએ પવન ફૂંકાવા સાથે યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે ૨૯ ઓક્ટોબરે પ્રયાગરાજ, કૌશામ્બી અને ચિત્રકૂટ સહિત ૧૦ જિલ્લાઓમાં અતિ ભારે વરસાદની આશંકાને કારણે ઓરેન્જ એલર્ટ અપાયું છે. વરસાદને પગલે રાજ્યમાં તાપમાનમાં ૫ થી ૮ ડિગ્રી સુધીનો મોટો ઘટાડો નોંધાઈ શકે છે.

ખેડૂતો અને સામાન્ય નાગરિકો માટે સલાહ

યુપી રાહત કમિશનર કાર્યાલય દ્વારા નાગરિકોને વાવાઝોડા દરમિયાન કાચા બાંધકામ, મોટા ઝાડ અને વીજળીના થાંભલાઓથી દૂર રહેવા તથા અનિવાર્ય ન હોય તો મુસાફરી ટાળવા વિનંતી કરવામાં આવી છે. આકાશી વીજળીથી બચવા ખુલ્લા મેદાનો કે ખેતરોમાં ન જવા તાકીદ કરાઈ છે. ખેડૂતોને પોતાના તૈયાર પાક અને અનાજને સુરક્ષિત રાખવા તેમજ પશુધનને સલામત જગ્યાએ ખસેડવા માટે ખાસ એડવાઇઝરી જારી કરવામાં આવી છે.

પડધરીના ખંભાળા ગામે સ્વસહાય જૂથની અરજી પેન્ડિંગ હોવાની રાવ મળતા જ...

DDOએ તાબડતોબ કરી અરજીની સમીક્ષા

યોજનાના જવાબદાર અધિકારીઓને પેન્ડિંગ અરજીનો ૭ દિવસમાં નિકાલ કરવા તાકીદ,સખી મંડળને વિના વિલંબે ધિરાણ આપવા સૂચના, લાભાર્થી બહેનો સાથે સંવાદ સાધ્યો

રાજકોટ, તા.૨૬

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદે પડધરી તાલુકાના ખંભાળા ગામે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સખી મંડળો અને સ્વસહાય જૂથોની બહેનો દ્વારા કરવામાં આવેલી લોન અરજીઓની સ્થિતિની સમીક્ષા કરી હતી. સ્વ સહાય જૂથોની બહેનોની લોન અરજી લાંબા સમયથી પેન્ડિંગ હોવાનું ધ્યાને આવતા જિલ્લા વિકાસ અધિકારીએ ગામની મુલાકાત લઈ લાભાર્થી બહેનો સાથે સંવાદ સાધ્યો હતો.

સ્વસહાય જૂથોની બહેનોની લોન અરજીઓ લાંબા સમયથી પેન્ડિંગ હોવાનું ધ્યાને આવતા ખંભાળા ખાતે આવેલી આર.ડી.સી. બેંકની રૂબરૂ મુલાકાત લીધી હતી. બેંકમાં પેન્ડિંગ અરજીઓની સ્થિતિનો અભ્યાસ કર્યા બાદ તેમણે સ્થળ પર જ અરજીઓનો નિકાલ કરવાની સૂચના આપી હતી. સાથે જ, પાત્ર લાભાર્થીઓને ધિરાણ સહાય મેળવવામાં વિલંબ ન થાય તે માટે પેન્ડિંગ અરજીઓનો સાત દિવસમાં નિકાલ કરવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સંબંધિત અધિકારીઓને મિશન મોડમાં કામગીરી પૂર્ણ કરવા તાકીદ કરી હતી.તેમજ લાભાર્થી બહેનો સાથે સંવાદ સાધ્યો હતો ને કહ્યું હતું કે જો તમારી ફરિયાદનો નિકાલ નથી થતો તો સીધી ફરિયાદ કરવા તાકીદ કરી હતી.

આ તકે જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, સખી મંડળો અને



સ્વસહાય જૂથોની બહેનોને સ્વરોજગાર, નાના વ્યવસાયો અને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ માટે ધિરાણ સહાય ઉપલબ્ધ કરાવવામાં બેંકિંગ વ્યવસ્થાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. તેથી લોન અરજીઓની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય અને પાત્ર લાભાર્થીઓને સમયસર સહાય મળી રહે તે જરૂરી છે.ગ્રામીણ મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને અને તેમની આજીવિકાની તકોમાં વધારો થાય તે માટે ધિરાણ સહાય સમયસર ઉપલબ્ધ થવી જોઈએ. અરજીઓ લાંબા સમય સુધી પેન્ડિંગ ન રહે તથા અરજદારોને પ્રક્રિયા પૂર્ણ કરવામાં બિનજરૂરી વિલંબનો સામનો ન કરવો પડે તે સુનિશ્ચિત કરવા તેમણે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનનો મુખ્ય હેતુ ગ્રામીણ મહિલાઓને સ્વસહાય જૂથો સાથે જોડીને તેમની આર્થિક ક્ષમતામાં વધારો કરવાનો અને આજીવિકાની તકોને પ્રોત્સાહન આપવાનો છે. આ હેતુ સિદ્ધ કરવા સ્વસહાય જૂથોને બેંકિંગ સેવાઓ અને ધિરાણ સહાય સાથે સાંકળીને અરજીઓનો ઝડપી નિકાલ થાય તે માટે સંકલનપૂર્વક કામગીરી કરવા જિલ્લા વિકાસ અધિકારીએ સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત, લોન અરજીનો નિકાલ ન થતો હોય તેવા કિસ્સામાં સખી મંડળો તથા સ્વસહાય જૂથોની બહેનોને જિલ્લા પંચાયતમાં લેખિત ફરિયાદ કરવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

શાપર વેરાવળમાં 'આયુષ મેળો'નું આયોજન સંપન્ન

જિલ્લા આયુર્વેદ અધિકારી અને SVIAના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા નિઃશુલ્ક કેમ્પમાં બહોળી સંખ્યામાં શ્રમિકો અને સ્થાનિક લોકોએ આરોગ્યલક્ષી સુવિધાઓનો લીધો લાભ





રાજકોટ તા. ૨૬

જિલ્લા આયુર્વેદ અધિકારી અને શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશન (SVIA) ના સંયુક્ત ઉપક્રમે શનિવાર, ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ શાપર ખાતે ''આયુષ મેળો-૨૦૨૬'' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાનું દીપપ્રાગટ્ય સંસ્થાના ચેરમેન અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આયુષ વિભાગ (ગાંધીનગર) ના નિયામક જયેશભાઈ પરમાર, જિલ્લા આયુર્વેદિક અધિકારી ચુનીલાલ હાપાલિયા, એસોશીએશનના પ્રમુખ અમૃતભાઈ ગઢીયા, ઉપપ્રમુખ દિલીપભાઈ ઝાલાવાડીયા, સેક્રેટરી અશ્વિનભાઈ વસાણી તથા શાપરના સરપંચ જયેશભાઈ કાકડીયા અને ડો. પિન્ટુ પડારીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને મેળાને વિધિવત રીતે ખુલ્લો મૂક્યો હતો.

આ નિઃશુલ્ક સ્વાસ્થ્ય કેમ્પમાં બીપી, ડાયાબીટીસ, હાડકાની ઘનતા, બાળરોગ, સ્ત્રીરોગ, ચામડીના રોગ, દાંતના રોગ, કાન-ગળા અને જનરલ ઓપીડી જેવી આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. નિષ્ણાત તબીબો દ્વારા દર્દીઓની તપાસ કરી બાળરોગ, સુવર્ણપ્રાશન, અગ્નિકર્મ અને મર્મ ચિકિત્સા જેવા વિવિધ રોગોનું નિદાન કરીને તમામને વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તબીબી સારવારની સાથે લોકોને સ્વસ્થ અને નિરોગી જીવન જીવવા માટે રોજિંદા જીવનમાં શું કાળજી રાખવી તે અંગેનું સચોટ માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

આ મેગા આયુષ કેમ્પનો બહોળી સંખ્યામાં સ્થાનિક લોકો અને શ્રમિકોએ લાભ લીધો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે 'ટીમ આયુષ રાજકોટ' દ્વારા અત્યંત સરાહનીય અને ઉત્કૃષ્ટ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

સામાન્ય ટેમ્પો ડ્રાઈવરથી લઈને રાજકીય અને સહકારી ક્ષેત્રના સફળ સુકાની સુધીની પ્રેરણાદાયી સફર

રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાનો જન્મદિવસ

રાજકોટ, તા.૨૬

ગોંડલ તાલુકાના લીલાખા ગામના એક સામાન્ય પરિવારમાં જન્મેલા અને હાલના રાજકોટ જિલ્લા ભાજપના પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાનો આજે તા. ૨૭મીએ જન્મદિવસ છે. જીવનના પ્રારંભિક તબક્કામાં ટેમ્પો ડ્રાઈવર તરીકે કામગીરી કરી પરિવારની જવાબદારી નિભાવનાર અલ્પેશભાઈએ પોતાની મહેનત, મક્કમ મનોબળ અને લોકસેવાના સંકલ્પથી રાજકીય તેમજ સહકારી ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી છે.

ગ્રામ પંચાયતથી જાહેરજીવનની શરૂઆત કરનાર અલ્પેશભાઈ



વર્ષ ૨૦૧૪ના ભાજપ સદસ્યતા અભિયાનમાં રાજકોટ જિલ્લામાં સૌથી વધુ સભ્યો બનાવીને પ્રથમ ક્રમે રહ્યા હતા. ત્યારબાદ તેઓ ગોંડલ તાલુકા ભાજપ યુવા મોરચાના મહામંત્રી અને પ્રમુખ પદે પણ રહ્યા હતા. સહકારી ક્ષેત્રે ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન તરીકે તેમણે ખેડૂતલક્ષી સુવિધાઓ ઊભી કરીને યાર્ડને પ્રથમ કક્ષાનું બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.

વર્ષ ૨૦૨૩માં રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ, તેમના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૪માં ભાજપે છ નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતની ૩૬ માંથી ૩૪ બેઠકો અને તમામ તાલુકા પંચાયતોમાં ઐતિહાસિક વિજય પ્રાપ્ત કર્યો હતો. આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમના મોબાઈલ નંબર ૯૮૨૫૦૭૩૨૧૭ પર ભાજપના આગેવાનો, કાર્યકર્તાઓ, ખેડૂતો અને શુભેચ્છકો દ્વારા શુભેચ્છાનો વરસાદ વરસી રહ્યો છે.

ચેક રિટર્ન કેસમાં ૩ ભાગીદારોને ૨ વર્ષની કેદ

બાકી લેણાં પેટે રૂ. ૧૭,૦૬,૬૦૮નું વળતર ચૂકવવા આદેશ, ન ચૂકવે તો વધુ છ માસની સજા ભોગવવી પડશે

રાજકોટ, તા.૨૬

વાંકાનેર તાલુકાના ભલ ગામની જી.એમ. સ્ટીલ પેઢીના ભાગીદાર શબ્બીરહુસૈન અલારખાભાઈ ઘોણિયાએ નોંધાવેલા ચેક રિટર્ન કેસમાં રાજકોટની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ઈન્ફિનિટી એક્ઝિમના ત્રણ ભાગીદારોને બે-બે વર્ષની જેલની સજા ફટકારી છે.

ઈન્ફિનિટી એક્ઝિમે જી.એમ. સ્ટીલ પાસેથી ઈંગોટની ખરીદી કરી હતી, જેનો કુલ વેપારી વ્યવહાર ૧,૩૩,૪૮,૫૦૦નો હતો. આ



વ્યવહારમાંથી ચૂકવવાની બાકી રકમના ચેક રિટર્ન થતાં ફરિયાદીએ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. કેસ દાખલ થયા બાદ આરોપીઓ તરફથી ૧૦,૦૦,૦૦૦ જમા કરાવવામાં આવ્યા હતા, પરંતુ બાકી રહેલા રૂ. ૧૭,૦૬,૬૦૮ માટે કેસ આગળ ચલાવવામાં આવ્યો હતો. બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાનમાં રાખીને કોર્ટે ઈન્ફિનિટી એક્ઝિમના ભાગીદારો દર્શક અશ્વિનભાઈ ચનિયારા, ઉદયકુમાર વસંતભાઈ શીરા અને હસ્તી હરિભાઈ બેરાને દોષિત ઠેરવ્યા છે. કોર્ટે ત્રણેય આરોપીઓને બે-બે વર્ષની સજા ફટકારી છે અને ફરિયાદીને એક મહિનાની અંદર ૧૭,૦૬,૬૦૮ વળતર તરીકે ચૂકવી આપવાનો આદેશ કર્યો છે. જો આરોપીઓ આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે, તો તેમને વધુ છ માસની સજા ભોગવવી પડશે. આ કેસમાં ફરિયાદી પક્ષે રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટિયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવિન ખુંટ, સાહિલ કંટારીયા, નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહિલ ફળદુ, રાજદીપ વેકરીયા, પૃથ્વી ગોસાઈ રોકાયા હતા.

કર્મચારીઓના પગાર ભથ્થાં પ્રમોશન અને અન્ય સેવા સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે આઠમા પગાર પંચ સમક્ષ

કર્મચારીઓના હિતમાં વેસ્ટર્ન રેલ્વે મજદૂર સંઘની રજૂઆત

લઘુત્તમ પગાર ૬૯ હજાર અને વાર્ષિક ઈન્ક્રિમેન્ટ ૬ ટકા કરવા સહિત ભથ્થાં અને પ્રમોશનના મુદ્દે જનરલ સેક્રેટરી આર જી કાબરના નેતૃત્વમા ધારદાર રજૂઆત







રાજકોટ, તા.૨૬

મુંબઈ ખાતે ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ (ઠ્ઠજમ) દ્વારા રેલવે કર્મચારીઓના પગાર ભથ્થાં પ્રમોશન અને અન્ય સેવા સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે આઠમા કેન્દ્રીય પગાર પંચ સમક્ષ રૂબરૂ મુલાકાત કરી માંગણીઓ રજૂ કરવામાં આવી હતી રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ સેક્રેટરી અવની ઓઝાના જણાવ્યા અનુસાર આ રજૂઆત આઠમા કેન્દ્રીય પગાર પંચના અધ્યક્ષ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ સભ્ય પાલક ઘોષ અને સભ્ય સચિવ પંકજ જૈન સમક્ષ કરવામાં આવી હતી

આ સમગ્ર રજૂઆત ઠ્ઠજમજ્ના જનરલ સેક્રેટરી આર જી કાબરના નેતૃત્વમાં કરવામાં આવી હતી આ મુલાકાત દરમિયાન ઠ્ઠજમજ્ના પ્રમુખ હિરેન મહેતા ખજાનચી કિરણ પાટીલ ઉપપ્રમુખ અજય કુમાર સિંઘ ભાવનગર ડિવિઝનના સેક્રેટરી બી એન ડાભી તથા વડોદરા ડિવિઝનના સેક્રેટરી તપન ચૌધરી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

કર્મચારીઓના આર્થિક હિત માટે કરાયેલી મુખ્ય માંગણીઓ જોઈએ તો લઘુત્તમ પગાર ૬૯૦૦૦ નક્કી કરવામાં આવે વાર્ષિક ઈન્ક્રિમેન્ટનો દર હાલના ૩ ટકાથી વધારીને ૬ ટકા કરવામાં આવે નિર્ધારિત સમયગાળામાં યોગ્ય પ્રમોશન આપવામાં આવે અને પ્રમોશન સંબંધિત વિસંગતતાઓ દૂર કરવામાં આવે ૩૦ વર્ષની સેવા દરમિયાન ખઅઈઙ યોજના હેઠળ યોગ્ય નાણાકીય અને પ્રમોશનલ લાભ આપવામાં આવે તમામ ભથ્થાંમાં નોંધપાત્ર વધારો કરી મોંઘવારી મુજબ તેમાં સમયસર સુધારો કરવામાં આવે નાઇટ ડ્યૂટી ઓવરટાઇમ અને વધારાની જવાબદારીઓ માટે યોગ્ય નાણાકીય વળતર આપવામાં આવે મકાન ભાડા ભથ્થાના દરમાં વધારો કરીને એક્સ વાય અને ઝેડ વર્ગનાં શહેરો માટે અનુક્રમે ૪૦ ટકા ૩૫ ટકા અને ૩૦ ટકાના દરે ભથ્થું અપાય જોખમી પરિસ્થિતિઓમાં ફરજ બજાવતા સેફ્ટી વિભાગના કર્મચારીઓને રિસ્ક એન્ડ હાર્ડશિપ એલાઉન્સ અને હેઝાર્ડસ એલાઉન્સ આપવામાં આવે એસ એન્ડ ટી વિભાગમાં દરેક ગેંગ અને સેક્શનમાં ફેલ્યોર સિસ્ટમ હોવી જોઈએ અને યાર્ડ સ્ટીકના નિયમોનું પાલન થવું જોઈએ ડેઈલી ઓફિસિએટિંગ એલાઉન્સ અને ઈઈઅ જેવા ભથ્થાં પુનઃસ્થાપિત કરી તેમાં યોગ્ય વધારો કરાય નર્સિંગ સ્ટાફને તેમની કામગીરી મુજબ ભથ્થાં અને લર્નિંગ રિસોર્સ એલાઉન્સ અપાય ટ્રેક મેન્ટેનર સ્ટેશન માસ્ટર ટ્રાફિક ટિકિટ ચેકિંગ અને ટેકનિકલ સ્ટાફને ફરજ મુજબ વિશેષ ભથ્થાં આપવામાં આવે

ઠ્ઠજમજ દ્વારા રજૂઆતમાં જણાવાયું હતું કે રેલવે કર્મચારીઓ દેશની પરિવહન વ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે મુસાફરોની સલામતી ટ્રેકની જાળવણી અને ટ્રાફિક વ્યવસ્થામાં તેમની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે વધતી જવાબદારીઓ મોંઘવારી અને જીવનનિર્વાહના ખર્ચને ધ્યાનમાં રાખીને પગાર અને ભથ્થાંમાં સુધારો કરવો સમયની માંગ છે સંઘના આગેવાનોએ આશા વ્યક્ત કરી હતી કે આઠમું કેન્દ્રીય પગાર પંચ આ માંગણીઓ પર હકારાત્મક વિચારણા કરી કર્મચારીઓ તથા તેમના પરિવારોના આર્થિક હિતમાં યોગ્ય ભલામણો કરશે.

અન્નદાતાઓ પર આભ તૂટ્યું


રાજ્યના ૪ જિલ્લા દુષ્કાળગ્રસ્ત

ખેડૂતોને પ્રતિ હેક્ટર ૮૫૦૦ ની સહાયની જાહેરાત : પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લા દુષ્કાળગ્રસ્ત

રાજકોટ, તા. ૨૬

ગુજરાતમાં આ વખતે ચોમાસું નબળું રહેતા અને સંતોષકારક વરસાદ ન વરસતાં ખેતી અને પીવાના પાણીનો ગંભીર પ્રશ્ન સર્જાયો છે. રાજ્યમાં આ વખતે અંદાજે ૮૯ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે, જેના કારણે ઠેર ઠેર પાણીની તંગીના અહેવાલો સામે આવ્યા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં વરસાદની સ્થિતિ અત્યંત નબળી રહી છે. આ વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ચાર મહત્વપૂર્ણ જિલ્લાઓ-પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગરને સત્તાવાર રીતે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે.

ચોમાસાની નબળી ઋતુ અને ઓછા વરસાદને કારણે આ ચારેય જિલ્લાઓમાં ખેડૂતોના ઊભા પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. અન્નદાતાઓની આ મુશ્કેલીને હળવી કરવા માટે રાજ્ય સરકારે તાત્કાલિક રાહત પેકેજની જાહેરાત કરી છે, જેના અંતર્ગત પાક નુકસાન સામે ખેડૂતોને પ્રતિ હેક્ટર ₹૮,૫૦૦ ની આર્થિક સહાય ચૂકવવામાં આવશે. આ સહાય મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પાત્રતા ધરાવતા ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવશે.



આ વખતે સમગ્ર ગુજરાતમાં જરૂર કરતાં ઓછો વરસાદ નોંધાવાને કારણે પાણીનું સંકટ ઘેરું બન્યું છે, અને તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર તરફના વિસ્તારોમાં સૌથી વધુ તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. પાણીની અછતના કારણે પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે સૌની યોજના દ્વારા પણ પાણીનો સપ્લાય બંધ કરવાની ફરજ પડી છે, જેના લીધે સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં પાણીનો સપ્લાય સંપૂર્ણપણે ખોવાઈ ગયો છે. આ સાથે જ નદીઓ અને તળાવો પણ સુકાવા લાગ્યા છે અને ડેમોમાં પાણીનું સ્તર ઝડપથી ઘટવા માંડ્યું છે.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પણ પાણીનું સ્તર ઘટવા પામ્યું છે, જે ચિંતાનો વિષય બન્યો છે. આગામી દિવસોમાં ઉનાળા અને આગામી ચોમાસા સુધી પીવા તથા સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા કેવી રીતે કરવી તેને લઈને સરકાર દ્વારા ઉચ્ચ સ્તરે ગંભીર ચર્ચાઓ શરૂ કરી દેવામાં આવી છે. આ ગંભીર જળસંકટ વચ્ચે ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોના પશુધન માટે પૂરતા પ્રમાણમાં ઘાસચારાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પણ સરકારે મક્કમ આશ્વાસન આપ્યું છે. સરકારના આ નિર્ણયોથી કટોકટીનો સામનો કરી રહેલા ચાર જિલ્લાના ખેડૂતો અને નાગરિકોને મોટી રાહત મળવાની અપેક્ષા છે.

૪ જિલ્લા જ કેમ? આખા સૌરાષ્ટ્રને દુષ્કાળગ્રસ્ત જાહેર કરોઃ સરકારના નિર્ણય સામે કોંગ્રેસ નેતા તુષાર ચૌધરીનો પ્રહાર

ગુજરાતમાં આ વખતે ચોમાસું નબળું રહેવાને કારણે સર્જાયેલી પાણીની અછત અને પાક નુકસાની વચ્ચે સરકારે પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગર એમ ચાર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે. રાજ્ય સરકાર દ્વારા આ ચાર જિલ્લાના ખેડૂતો માટે પ્રતિ હેક્ટર ૮,૫૦૦ ની સહાય (મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં) જાહેર કરવામાં આવી છે. જોકે, સરકારના આ નિર્ણય સામે વિપક્ષ કોંગ્રેસે ભારે અસંતોષ વ્યક્ત કરીને આક્રમક વલણ અપનાવ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા તુષાર ચૌધરીએ સરકારની આ જાહેરાત સામે સવાલો ઉઠાવતા સમગ્ર સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અન્ય અછતગ્રસ્ત વિસ્તારોને પણ આ રાહતમાં આવરી લેવાની માંગ કરી છે. તુષાર ચૌધરીએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, માત્ર ચાર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરીને સરકારે અડધી-પડધી કામગીરી કરી છે. ખરેખર તો સમગ્ર સૌરાષ્ટ્રમાં જળસંકટ અને પાકની નિષ્ફળતાની પરિસ્થિતિ અત્યંત ગંભીર છે, જેથી માત્ર ચાર જિલ્લા પૂરતી આ જાહેરાત મર્યાદિત ન રાખતા આખા સૌરાષ્ટ્રને જ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની જરૂર હતી. આ ઉપરાંત, તેમણે ઉમેર્યું કે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના પણ અનેક તાલુકાઓમાં આ વખતે જરૂર કરતાં ખુબ ઓછો વરસાદ નોંધાયો છે, જેના કારણે ત્યાંના ખેડૂતો અને સામાન્ય જનતા પણ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં માત્ર અમુક વિસ્તારો પર જ ધ્યાન આપવું તે અન્ય અસરગ્રસ્ત તાલુકાઓ સાથે અન્યાય સમાન છે.

મનપાના શરદોત્સવમાં ખેલૈયાઓની રમઝટથી રેસકોર્ષ મેદાન ગુંજી ઉઠ્યું

લોકસંગીતના સૂર અને પરંપરાગત રાસ-ગરબાની રમઝટ વચ્ચે લોકોએ શરદ પૂનમની ઉજવણી કરી



રાજકોટ, તા. ૨૬

ગુજરાતી સંસ્કૃતિ, લોકકલા અને પરંપરાગત રાસ-ગરબાની સમૃદ્ધ વિરાસતને સજીવન રાખવા તથા તેને નવી પેઢી સુધી પહોંચાડવાના ઉમદા હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ''શરદોત્સવ-૨૦૨૬'' અંતર્ગત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રેસકોર્ષ મેદાન ખાતે આવેલા કવિ રમેશ પારેખ રંગ દર્શન ખાતે યોજાયેલા 'શરદ પૂનમની રાતલડી રંગ ડોલરીયો' કાર્યક્રમમાં લોકસંગીતના મધુર સૂર, રાસના તાલ અને ગરબાની લયબદ્ધ રમઝટ સાથે સમગ્ર વાતાવરણ ગુજરાતની લોકસંસ્કૃતિના રંગે રંગાઈ ગયું હતું. આ યાદગાર સંધ્યામાં ઈન્ટરનેશનલ ગરબા ગ્રુપ કંકણની સાથે અમરેલીના જે સિંગપરા રાસ મંડળ અને રાજકોટના કારડીયા રાજપૂત સમાજ રાસ મંડળે પોતાની આગવી શૈલીમાં રાસ-ગરબાની મનમોહક કૃતિઓ રજૂ કરીને ઉપસ્થિત સૌ નગરજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય વડે કરવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું, જ્યારે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ પ્રાસંગિક ઉદબોધન આપતાં જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા એ માત્ર વહીવટી તંત્ર નથી પરંતુ ધબકતું નગરજીવન અને નાગરિકોના સમૂહનું પ્રતીક છે. નાગરિક સુવિધાઓની સાથે આપણી સાંસ્કૃતિક પરંપરાઓને જીવંત રાખવી એ પણ એટલી જ આવશ્યક છે. તેમણે શરદ પૂનમના ધાર્મિક અને પૌરાણિક મહત્ત્વ પર પ્રકાશ પાડતાં ઉમેર્યું હતું કે, ભગવાન કૃષ્ણની રાસલીલા અને શરદ પૂનમની ચાંદનીમાં દૂધ-પૌવા આરોગવાની પરંપરા આપણા જીવનમાં આનંદ, ઉત્સાહ અને પ્રકૃતિ સાથેનો સંબંધ વધુ મજબૂત બનાવે છે. આ ભવ્ય સાંસ્કૃતિક ઉજવણીમાં સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્યો ભાનુબેન બાબરિયા, ડો. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ અધ્યક્ષ ડો. માધવભાઈ દવે, પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડો. હિરેનભાઈ ખીમાણિયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન મનીષ ભટ્ટ, અગ્રણી ચંદ્રકાંત શેઠ, કોર્પોરેટરો, અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં રાજકોટના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે રાસ મંડળોના પ્રતિનિધિઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષ ભટ્ટે આભાર વિધિ સંપન્ન કરી હતી.

આજી, ન્યારી અને ભાદર ડેમ ખાલી થવાના આરેઃ આગામી ૨ થી ૩ દિવસમાં સૌની યોજના મારફતે નર્મદાના 'શ્રી ગણેશ' થશે!

જળસંકટના સાયા વચ્ચે સરકારનું આશ્વાશન

રાજકોટ, તા. ૨૬

રાજકોટ શહેર અને જિલ્લામાં ઘેરાયેલા જળસંકટ વચ્ચે રાજકોટવાસીઓ માટે ખૂબ જ રાહતના અને મહત્વના સમાચાર સામે આવ્યા છે. તળિયાઝાટક થવા તરફ જઈ રહેલા મુખ્ય જળાશયોની સ્થિતિ અને પીવાના પાણીની વિકટ બનતી જતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે નર્મદાનું પાણી આપવા માટે આખરે લીલી ઝંડી આપી દીધી છે. સરકારના આ નિર્ણયથી રાજકોટ પર તોળાતી પાણીની મોટી હોનારત ટળી છે અને આગામી દિવસોમાં શહેરને પાણીના કાપમાંથી મુક્તિ મળશે તે નક્કી થઈ ગયું છે. આજે જ નર્મદાનું પાણી ડેમોમાં ઠાલવવા અંગેનું આયોજનબદ્ધ સમયપત્રક જાહેર કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડતા મુખ્ય જળાશયોમાં જળસંગ્રહનું પ્રમાણ ચિંતાજનક રીતે ઘટી ગયું હોવાથી તંત્રના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. હાલની સ્થિતિ પર



નજર કરીએ તો આજી-૧ ડેમમાં માત્ર ૨૮ ટકા, ન્યારી-૧ ડેમમાં ૨૭ ટકા અને ભાદર-૧ ડેમમાં તો અત્યંત ચિંતાજનક રીતે માત્ર ૧૭.૯૧ ટકા જેટલો જ જળજથ્થો ઉપલબ્ધ રહ્યો છે. તેમાં પણ ખાસ કરીને રાજકોટની જીવાદોરી સમાન આજી અને ન્યારી ડેમમાં મળીને શહેરને માંડ ૧૫ દિવસ ચાલે એટલું જ પાણી બચ્યું હોવાથી તંત્ર સામે મોટો સવાલ ઉભો થયો હતો. જો સમયસર નિર્ણય ન લેવાયો હોત તો આગામી સપ્તાહથી જ શહેરમાં પાણીનો ભારે કાપ મૂકવાની કે કટોકટી સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી હતી.

આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે રાજ્ય સરકારે ત્વરિત પગલાં ભરીને સૌની યોજના મારફતે આજી-૧, ન્યારી-૧ અને ભાદર-૧ ડેમમાં નર્મદાના નીર પહોંચાડવાની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. આગામી બેથી ત્રણ દિવસમાં જ આ ત્રણેય મુખ્ય ડેમોમાં નર્મદાના પાણી ઠાલવવાનું શરૂ કરી દેવામાં આવશે. પ્રથમ તબક્કામાં આગામી જાન્યુઆરી મહિના સુધી મુશ્કેલી વિના ચાલી શકે તેટલો જળજથ્થો તુરંત ફાળવવામાં આવશે. આ સાથે જ સરકારે રાજકોટવાસીઓને આશ્વાસન આપતાં ચોમાસા સુધી એટલે કે આવતા જુલાઈ મહિના સુધી તબક્કાવાર પાણી પૂરું પાડવાની ખાતરી પણ આપી છે, જેથી હવે રાજકોટવાસીઓએ ઉનાળાના અંત સુધી પીવાના પાણી અંગે કોઈ ચિંતા રાખવી પડશે નહીં.

ડિવિઝનના ૫૩ સ્ટેશનો પર 'રેલ જન સંવાદ'

મુસાફરો બન્યા રેલવે પ્રશાસનના સાથીઃ રાજકોટ ડિવિઝનના તમામ સ્ટેશનો પર ગુંજ્યો 'સ્વચ્છતા અને સુવિધા'નો નારો

રાજકોટ, તા. ૨૬

જ્યારે મુસાફરો અને પ્રશાસન સામસામે બેસીને સુધારાઓની ચર્ચા કરે, ત્યારે બદલાવ માત્ર કાગળ પર નહીં પરંતુ વાસ્તવિકતામાં ઉતરી આવે છે. પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા વિશેષ સ્વચ્છતા અભિયાન ૬.૦ અંતર્ગત ગત ૨૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ એક એવી અનન્ય પહેલ કરવામાં આવી, જેને રેલવે મુસાફરીની વ્યાખ્યા જ બદલી નાખી. ડિવિઝનના એક-બે નહીં પરંતુ પૂરા ૫૩ રેલવે સ્ટેશનો પર એકસાથે 'રેલ જન સંવાદ' કાર્યક્રમનો શંખનાદ ફૂંકવામાં આવ્યો, જેનો મૂળ મંત્ર મુસાફરોના અનુભવો સાંભળીને સેવામાં ચાર ચાંદ લગાવવાનો હતો.

આ મહાઅભિયાનની રૂપરેખા આપતા રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર આંકડા ભેગા કરવાનો નહોતો, પરંતુ પ્રવાસીઓ સાથે સીધો સંવાદ સ્થાપિત કરીને સ્ટેશનો અને ટ્રેનોની સ્વચ્છતા તેમજ મુસાફર સુવિધાઓ અંગે તેમના સાચા અભિપ્રાયો અને સૂચનો મેળવવાનો હતો.



આ અનોખા અભિયાનના શ્રીગણેશ ખુદ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીના દ્વારા રાજકોટ રેલવે સ્ટેશનથી કરવામાં આવ્યા. તેમણે પ્લેટફોર્મ પર ઉપસ્થિત રહીને મુસાફરો સાથે આત્મીયતાથી વાતચીત કરી હતી અને સ્ટેશન પર ઉપલબ્ધ સ્વચ્છતા વ્યવસ્થા તેમજ અન્ય સુવિધાઓ અંગે ઝીણવટભરી પૃચ્છા કરી મુસાફરોના મનોભાવ જાણ્યા હતા. આ દરમિયાન મુસાફરોના માત્ર અનુભવો અને સૂચનો જ નોંધવામાં નહોતા આવ્યા, પરંતુ તેમના તરફથી ઉત્સાહભેર પ્રશંસાપત્રો પણ મેળવવામાં આવ્યા હતા, જે રેલવે કર્મચારીઓની મહેનતની પહોંચ સાબિત થતા હતા.

બુધવારની રજાના દિવસે મેન્ટેનન્સ કેમ ન કર્યું? – એન્જિનિયરિંગ એસોસિએશને તંત્રની કાર્યપદ્ધતિ સામે ઉઠાવ્યા સવાલ

દિવાળી ટાણે જ વીજ કંપનીનું 'અણઘડ' આયોજન

લક્ષ્મીનગર ફીડરમાં પાવર કટથી ૧,૦૦૦ કારખાના અડધો દિવસ ઠપ્પ!

રાજકોટ, તા. ૨૬

દિવાળીના પ્રકાશ પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ઔદ્યોગિક નગરી રાજકોટમાં વીજ કંપનીના અણઘડ અને અયોજિત વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. શહેરના લક્ષ્મીનગર ફીડર હેઠળ આવતા ઔદ્યોગિક વિસ્તારમાં મેન્ટેનન્સના નામે અચાનક વીજકાપ ઝીંકી દેવામાં આવતાં આશરે ૧૦૦૦ જેટલા નાના-મોટા કારખાનાઓ અડધો દિવસ બંધ રાખવાની ફરજ પડી હતી. દિવાળી પૂર્વે ઉત્પાદનની ચરમસીમા વચ્ચે પાવર ગુલ થઈ જતાં ઉદ્યોગકારો સહિત રોજીંદા કામ કરતા હજારો શ્રમિકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

રાજકોટના લક્ષ્મીનગર ફીડર વિસ્તારમાં નાની-મોટી આશરે ૧૦૦૦ જેટલી ફેક્ટરીઓ અને એન્જિનિયરિંગ યુનિટો આવેલા છે, જ્યાં દરરોજ ૧૦,૦૦૦થી વધુ રોજિંદા કામદારો પોતાની રોજીરોટી કમાય છે. હાલ દિવાળીનો સમય હોય, દેશ-વિદેશ અને સ્થાનિક બજારોમાંથી માલના મહત્તમ ઓર્ડરો મળેલા છે. કારખાનેદારો સમયસર ઓર્ડર પૂરા કરવા માટે રાત-દિવસ એક કરી રહ્યા છે ત્યારે જ વીજ તંત્ર દ્વારા રવિવારે મેન્ટેનન્સના નામે પાવર બંધ કરી દેવાતાં કરોડો રૂપિયાનું ઉત્પાદન અટવાઈ પડ્યું હતું. આ સમગ્ર મામલે ભારે રોષ વ્યક્ત કરતાં એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખે તંત્ર સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, તંત્રને અગાઉથી જ ખબર હતી કે લક્ષ્મીનગર ફીડરમાં સમારકામ કે મેન્ટેનન્સની



કામગીરી કરવાની જરૂર છે, તો આ કામ રવિવારના કામકાજના દિવસે કરવાને બદલે બુધવારે પણ કરી શકાતું હતું. સામાન્ય સંજોગોમાં આ વિસ્તારના કારખાનાઓમાં બુધવારે સાપ્તાહિક રજા રાખવામાં આવતી હોય છે. જો બુધવારે જ મેન્ટેનન્સ હાથ ધરાયું હોત તો ફેક્ટરીઓનો કામકાજનો આખો દિવસ બગડત નહીં અને કામદારો તથા ઉત્પાદનને મોટો ફટકો પડ્યો ન હોત.

એસોસિએશને વધુમાં વિગતો આપતાં જણાવ્યું હતું કે, સામાન્ય રીતે દિવાળી પહેલાના ૨ થી ૩ બુધવાર એવા હોય છે જ્યારે કારખાના બંધ રાખવા પણ પરવડે તેમ હોતા નથી. કારણ કે દિવાળી પછી તહેવારોની લાંબી રજાઓ આવતી હોય છે, જેથી એ સમયનું આગોતરું પ્રોડક્શન અગાઉના બુધવારે પણ કામ ચાલુ રાખીને પૂરું કરવામાં આવતું હોય છે. આવી સ્થિતિમાં વગર વિચાર્યે લેવાયેલા વીજકાપના નિર્ણયથી અનેક ઓર્ડરોના ડિલિવરી શિડ્યુલ ખોરવાઈ ગયા છે.

આમ છતાં, વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અને તંત્ર સાથે સંઘર્ષ ટાળવાના હેતુથી એન્જિનિયરિંગ એસોસિએશને તંત્રના આ નિર્ણયને અનિચ્છાએ પણ આવકારીને આગામી બુધવારે કારખાના બંધ રાખવાનો નિર્ણય કર્યો છે, જેથી વીજ કંપની પોતાનું મેન્ટેનન્સ પૂરું કરી શકે. પરંતુ દિવાળી જેવા પીક સીઝનના સમયે તંત્ર દ્વારા દાખવવામાં આવેલી આ બેદરકારી અને અણઘડ આયોજન સામે ઉદ્યોગજગતમાં ભારે અસંતોષની લાગણી ફેલાઈ છે.

દુકાળમાં પાણીદાર

'સૌની'થી રાજકોટના જળાશયો છલકાશે, પણ જળની વેલ્યુ જાળવવી જરૂરી બનશે



દુષ્કાળના આ વર્ષમાં રાજકોટના જળાશયો સૌની યોજના દ્વારા પાણીદાર બનવાના સમાચાર ખરેખર ટાઢક આપનારા અને રાહત ફેલાવનારા છે. સરકારે રાજકોટના ગંભીર જળસંકટને પહોંચી વળવા માટે નર્મદાનું પાણી આપવા માટેનું સત્તાવાર ગ્રીન સિગ્નલ આપી દીધું છે. આ અંગેની સત્તાવાર જાહેરાત પણ કરી દેવામાં આવશે. આગામી બે થી ત્રણ દિવસની ટૂંકી મુદતમાં જ આજી-૧, ન્યારી-૧ અને ભાદર ડેમને સૌની યોજનાના નર્મદા નીરથી એકદમ છલોછલ ભરી દેવામાં આવશે. પ્રથમ તબક્કા અંતર્ગત જાન્યુઆરી સુધી ચાલે એટલો પૂરતો પાણીનો જથ્થો ફાળવવામાં આવશે. એટલું જ નહીં, છેક જુલાઈ મહિના સુધીનું પાણી નિયમિત રીતે પૂરું પાડવાની સરકારે ખાસ ખાતરી પણ આપી છે.

આટલી મોટી રાહત મળ્યા પછી પણ, દુકાળની આ વિકટ પરિસ્થિતિમાં પાણી મળવાનું છે એટલે આપણે તેની સાચી વેલ્યુ જાળવવી અત્યંત આવશ્યક છે. આપણને મળનારું આ કિંમતી પાણી માત્ર અને માત્ર પીવા માટે ઉપયોગમાં લેવાનું છે. તેનો દરેક નાગરિકે અત્યંત જવાબદારીપૂર્વક અને યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. કોઈપણ સંજોગોમાં પાણીની ચોરી કે તેનો બિનજરૂરી બગાડ થાય તેવી બાબતોથી દરેક વ્યક્તિએ દૂર રહેવાનું છે. જો જળ સંરક્ષણ નહીં થાય તો મુશ્કેલી વધશે. વહીવટી તંત્રએ પણ આ ગંભીર સમયમાં પૂરી સજાગતા દાખવવી પડશે. તંત્રએ શહેરના દરેક વિસ્તારમાં પક્ષપાત વગર સમાન ધોરણે પાણીનું વિતરણ કરવું પડશે. કોઈપણ પ્રકારના ભેદભાવ કે આડાઅવળા વહીવટ વિના આ કટોકટીમાં તંત્રએ ગંભીરતાપૂર્વક કામ કરવું અનિવાર્ય છે. અત્યારથી જ આ પ્રકારની કઠિન સ્થિતિ સર્જાઈ છે, ત્યારે આગામી ઉનાળાની ઋતુમાં કેવા કપરા દિવસો આવશે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી.

આખું વર્ષ આપણા માટે આર્થિક અને કુદરતી રીતે ખૂબ જ કઠિન રહેવાનું છે. જો આપણે સૌ સાથે મળીને પાણીની સાચી વેલ્યુ જાળવીશું અને એક-એક ટીપાનો વિવેકપૂર્વક ઉપયોગ કરીશું, તો આ કઠિન વર્ષ પણ સહેલાઈથી પસાર થઈ જશે. જાગૃતિ જ જળ સંકટમાંથી બચવાનો સાચો રસ્તો છે.

વેપારીઓની અપીલ નિષ્ફળ

ભારત જોડાણની મેગા રેલી ૧ નવેમ્બરે યોજાશે

રાજકોટ, તા. ૨૬

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુને ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી રેલી અંગે એક નિવેદન બહાર પાડ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં તે દિવસે રેલીનું આહ્વાન કરવામાં આવ્યું છે. આનો અર્થ એ થયો કે તારીખમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જોકે, વેપારીઓની વિનંતીઓનો જવાબ આપતા ખડગેએ તારીખ અંગે ચર્ચા કરવા માટે ઇન્ડિયા બ્લોકની બેઠક બોલાવી હતી. વેપારીઓએ તહેવારોની મોસમ દરમિયાન નોંધપાત્ર નુકસાન ન થાય તે માટે રેલી મુલતવી રાખવાની માંગ કરી હતી. CTIના ચેરમેન બ્રિજેશ ગોયલે પણ આ અંગે ખડગેને પત્ર લખ્યો હતો, અને તેમણે વેપારીઓને ખાતરી આપી હતી. ખડગેએ પોસ્ટમાં લખ્યું હતું કે, ''મત ચોરીના અસંખ્ય ખુલાસા છતાં, મોદી સરકાર જ્ઞાનેશ કુમારને બચાવવા માટે તમામ યુક્તિઓનો ઉપયોગ કરી રહી છે! જ્યારે SIRમાં ઉપયોગમાં લેવાતા સોફ્ટવેર વિશે RTI દ્વારા માહિતી માંગવામાં આવી હતી, ત્યારે ચૂંટણી પંચે 'વેપાર રહસ્યો'નો ઉલ્લેખ કરીને જવાબ આપવાનો ઇનકાર કર્યો હતો.

ખડગેએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં ૧૬.૧૮ લાખ ફોર્મ-૬ અરજીઓની વિગતો જાહેર કરવામાં આવી નથી. પીલીભીતમાં ૧૦,૪૭૦ મતદાર રેકોર્ડમાં અનિયમિતતાઓ મળી આવી હતી. હવે, અમને રાજ્યભરમાં ફોર્મ ૬, ૭ અને ૮ ની તપાસનો આદેશ આપવાની ફરજ પડી છે.'' ખડગેએ કહ્યું કે આ ફક્ત મત બચાવવાની લડાઈ નથી, પરંતુ



બંધારણ અને લોકશાહીને બચાવવા માટેનો લોકોનો સંઘર્ષ છે. હું દેશના દરેક જાગૃત નાગરિકને ૧ નવેમ્બરે દિલ્હી તરફ કૂચ કરવા અપીલ કરું છું! રામલીલા મેદાન ખાતે 'વોટ બચાવો દેશ બચાવો' જાહેર કૂચ અને મેગા રેલીમાં જોડાઓ. CTI એ પોતાના પત્રમાં સમજાવ્યું કે રેલીનો સમય દિલ્હીના વેપારીઓ માટે કેમ મુખ્ય ચિંતાનો વિષય છે. સંગઠન અનુસાર, ધનતેરસ પર જ રામલીલા ઉત્સવ દરમિયાન દિલ્હીમાં લગભગ ₹૨૫,૦૦૦ કરોડનો માલ વેચાય છે, જેમાં સોના, ચાંદી અને ઘરેણાંથી લઈને ઇલેક્ટ્રોનિક્સ, કપડાં અને ઓટોમોબાઇલનો સમાવેશ થાય છે. આ વર્ષની સૌથી મોટી વેચાણ મોસમ છે, અને કોઈપણ વિક્ષેપ વેપારીઓને નોંધપાત્ર નુકસાન પહોંચાડી શકે છે.

CTI એ અહેવાલ આપ્યો છે કે ઓક્ટોબરની શરૂઆતમાં મધ્ય દિલ્હીમાં ટ્રાફિક ડાયવર્ઝનને કારણે છૂટક અને જથ્થાબંધ વેપારીઓને લગભગ ₹૩,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. સંગઠનના જણાવ્યા અનુસાર, તેનાથી પણ મોટી ચિંતા જગ્યાની છે. રામલીલા મેદાન દિલ્હીના લગભગ ૨૦ સૌથી મોટા જથ્થાબંધ અને છૂટક બજારો, જેમ કે ચાંદની ચોક, સદર બજાર, ખારી બાઓલી, ભગીરથ પેલેસ, ચાવરી બજાર અને કરોલ બાગના ૫ કિલોમીટરના ત્રિજ્યામાં આવે છે. રેલીને કારણે સુરક્ષા બેરિકેડ્સ, રૂટમાં ફેરફાર અને સંભવિત મેટ્રો પ્રતિબંધોને કારણે ગ્રાહકો માટે સૌથી મહત્વપૂર્ણ ખરીદીના સમય દરમિયાન આ બજારો સુધી પહોંચવું મુશ્કેલ બની શકે છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ચેતવણી આપી હતી કે ''મત આપો તેમણે ''રાષ્ટ્ર બચાવો, રાષ્ટ્ર બચાવો'' નામની ભવ્ય રેલીનું આહ્વાન કર્યું છે. તેમણે મોદી સરકાર પર મત ચોરી અને મતદાર યાદીમાં અનિયમિતતાનો આરોપ લગાવ્યો છે.

ખડગે પર રાહુલ ગાંધીનો પ્રભાવ

પીએમ મોદી પર ખડગેની ટિપ્પણીથી પ્રહલાદ જોશી સહિત અનેક નેતાઓ ગુસ્સે

નવીદિલ્હી, તા. ૨૬

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પિતા (મોદીના પિતા પણ જશે) વિશેના વિવાદાસ્પદ નિવેદન પર ભાજપે ભારે નારાજગી વ્યક્ત કરી છે. આ મુદ્દે પાર્ટી આજે (૨૬ ઓક્ટોબર, ૨૦૨૬) દેશભરમાં વિરોધ પ્રદર્શનો અને માર્ચ કરી રહી છે. ભાજપે આ નિવેદનને અભદ્ર અને વડા પ્રધાનના પરિવારનું અપમાન ગણાવ્યું છે. શિક્ષણ પ્રધાન પ્રહલાદ જોશી અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સહિત અનેક ભાજપના નેતાઓએ કોંગ્રેસ પ્રમુખ ખડગે અને કોંગ્રેસ નેતૃત્વ (રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી) પાસેથી બિનશરતી માફીની માંગ કરી છે. મંત્રી પ્રહલાદ જોશીએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે રાહુલ ગાંધીના સંગઠનને કારણે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને અન્ય નેતાઓ પણ આવી જ ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આટલા નીચલા સ્તરે ઝૂકી જવું યોગ્ય નથી. મીડિયા સાથે વાત કરતા કેન્દ્રીય શિક્ષણ પ્રધાન પ્રહલાદ જોશીએ કહ્યું, ''કોંગ્રેસ પાર્ટીમાં, અમે વિચારતા હતા કે રાહુલ ગાંધી અપરિપક્વ છે. પરંતુ તેમની સાથે રહીને, બાકીના બધા પણ અપરિપક્વ, હતાશ અને નિરાશ થઈ ગયા છે.'' આટલા નીચલા સ્તરે જઈને, તેઓ ભારતની રાજકીય સંસ્કૃતિ, અથવા જે પ્રદેશ સાથે સંકળાયેલા છે તેની સંસ્કૃતિનો નાશ કરી રહ્યા છે.

તેમણે વધુમાં કહ્યું, ''રાહુલ ગાંધી સાથેના તેમના જોડાણને કારણે, રાષ્ટ્રીય અધ્યક્ષથી લઈને ઘણા રાજ્યોના રાષ્ટ્રપતિઓ સુધી, દરેક વ્યક્તિ સમાન ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. એક કારણ એ છે કે તેઓ સતત તેમના નેતાની સાથે રહે છે અને તેઓ જે કહે છે તે જ કરવું પડે છે. આનો પણ પ્રભાવ પડે છે. તાજેતરમાં, કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષે સમાન ભાષાનો ઉપયોગ કર્યો હતો. હવે કોંગ્રેસ અધ્યક્ષ પણ એવું જ કરી રહ્યા છે.'' કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ખડગેના નિવેદનની ટીકા કરતા કહ્યું કે તે આશ્ચર્યજનક છે કે કોંગ્રેસ



માફી માંગવાને બદલે તેનો બચાવ કરી રહી છે. મીડિયા સાથે વાત કરતા સિંહે કહ્યું કે ખડગેના નિવેદનથી દેશના લાખો લોકોની લાગણીઓને ઠેસ પહોંચી છે અને કોંગ્રેસની રાજકીય સંસ્કૃતિ પર પ્રશ્નો ઉભા થયા છે.

તેમણે કહ્યું, ''ગઈકાલે, પટનામાં, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વર્ગસ્થ પિતા વિશે જે કહ્યું તેનાથી હું આઘાત પામ્યો છું અને ખૂબ જ દુઃખી છું. આ સમગ્ર મામલામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ ટિપ્પણી કોઈ સામાન્ય કોંગ્રેસ કાર્યકર કે યુવા નેતા દ્વારા કરવામાં આવી નથી. તે દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી હોવાનો દાવો કરતી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરફથી આવી છે. તેમના વર્તનથી, કોંગ્રેસ પ્રમુખે દેશભરના લાખો લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડી છે. જોકે, કોંગ્રેસ નેતા ત્યાં અટક્યા નહીં. કોંગ્રેસ પાર્ટી હવે ખડગેની ટિપ્પણીને યોગ્ય ઠેરવીને લોકોની લાગણીઓને વધુ ઠેસ પહોંચાડી રહી છે. પોતાની ભૂલ સ્વીકારવા અને દિલગીરી વ્યક્ત કરવાને બદલે, કોંગ્રેસ નિવેદનનો બચાવ અને યોગ્ય ઠેરવવામાં વ્યસ્ત છે.''

સંરક્ષણ મંત્રીએ કહ્યું, ''ખડગે જે પદ પર છે તે વ્યક્તિ પાસેથી જાહેર જીવનમાં વધુ ગંભીરતા, સંયમ, ગૌરવ અને જવાબદાર વર્તન દર્શાવવાની અપેક્ષા રાખવામાં આવે છે.'' આવી સ્થિતિમાં, જો કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ પોતે આવી ભાષાનો ઉપયોગ કરે છે, તો તે માત્ર તેમના પદની ગરિમાને જ નબળી પાડે છે, પરંતુ કોંગ્રેસની રાજકીય સંસ્કૃતિ પર પણ ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. રાજકીય વિરોધ પોતાની જગ્યાએ છે, પરંતુ આવા વર્તનને કોઈપણ સંજોગોમાં સહન કરી શકાય નહીં.' ખડગેના નિવેદનની નિંદા કરતા બિહાર ભાજપ પ્રમુખ સંજય સરાઓગીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ વડા પ્રધાનના સ્વર્ગસ્થ માતાપિતા વિરુદ્ધ અપમાનજનક નિવેદનો આપી રહી છે. સરાઓગીએ કહ્યું, ''વડા પ્રધાનના સ્વર્ગસ્થ માતા અને પિતા વિશે વારંવાર અભદ્ર, અભદ્ર અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કોંગ્રેસ પાર્ટીની વિચારધારાના નાદારી અને હતાશાને સ્પષ્ટપણે દર્શાવે છે. જનતા કોઈપણ સંજોગોમાં આવા અભદ્ર અને અપમાનજનક નિવેદનોને સહન કરશે નહીં. તેથી, ભાજપે આજે દેશભરમાં દરેક રાજ્ય મુખ્યાલય પર વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો છે. બિહાર ભાજપે પણ પોતાના તરફથી વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો છે.''

દર ૧૬ માંથી ૧ વ્યક્તિ ડ્રગ એડિક્ટ

UNODCના વર્લ્ડ ડ્રગ્સ રિપોર્ટ ૨૦૨૬ મુજબ, ૨૦૨૪ માં વિશ્વભરમાં આશરે ૩૩૧ મિલિયન લોકોએ ડ્રગ્સનો ઉપયોગ કર્યો

નવીદિલ્હી, તા. ૨૬

ડ્રગ્સ એવી વસ્તુ છે જે એક વખત વ્યસની થઈ જાય છે, પછી તેમના જીવનને બરબાદ કરી નાખે છે. વિશ્વભરમાં ઘણી બધી દવાઓ ઉપલબ્ધ છે જે સંભવિત રીતે ઘાતક અને ખતરનાક છે. આ નુકસાન હોવા છતાં, તેમનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. તાજેતરના એક અહેવાલમાં બહાર આવ્યું છે કે છેલ્લા દાયકામાં ડ્રગ વપરાશકર્તાઓની સંખ્યામાં ૩૪ ટકાનો વધારો થયો છે. યુનાઇટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઇમ (UNODC) દ્વારા પ્રકાશિત વર્લ્ડ ડ્રગ રિપોર્ટ ૨૦૨૬ માં આગાહી કરવામાં આવી છે કે ૨૦૨૪ માં, વિશ્વભરમાં આશરે ૩૩૧ મિલિયન લોકો ડ્રગ્સનો ઉપયોગ કરશે, એટલે કે છેલ્લા ૧૨ મહિનામાં દર ૧૬ લોકોમાંથી લગભગ એક વ્યક્તિએ કોઈને કોઈ પ્રકારનો ડ્રગનો ઉપયોગ કર્યો છે. ચિંતાજનક પરિબળ એ છે કે ડ્રગ વપરાશકર્તાઓ ૧૫ થી ૬૪ વર્ષની વયના છે.



સૌથી મોટી ચિંતા એ છે કે બજારમાં પહેલા કરતાં વધુ પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે, અને તેમાંથી કેટલીક પહેલા કરતાં પણ વધુ શક્તિશાળી અને ખતરનાક છે. આ ડેટા ફક્ત વધતા ડ્રગ વ્યસનની વાર્તા જ કહેતો નથી, પરંતુ વિશ્વ સામેના એક મોટા આરોગ્ય અને સામાજિક પડકાર તરફ પણ નિર્દેશ કરે છે. ડ્રગના વપરાશમાં વધારો થવાની અસર ફક્ત વ્યક્તિગત વપરાશકર્તા સુધી મર્યાદિત નથી. તે પરિવાર, કાર્ય, માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય અને સામાજિક સલામતીને પણ અસર કરી શકે છે.

UNODC ના અહેવાલ મુજબ, વિશ્વમાં ગાંજો સૌથી વધુ ઉપયોગમાં લેવાતો માદક દ્રવ્ય છે. ઓપીઓઇડ્સ, એમ્ફેટામાઇન, કોકેન અને એક્સ્ટસી જેવા પદાર્થોનો પણ વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. દરમિયાન, ડ્રગ ગેંગ નવા બજારો સુધી પહોંચવા માટે નવી તકનીકોનો ઉપયોગ કરી રહી છે. કૃત્રિમ, રાસાયણિક રીતે ઉત્પાદિત, માદક દ્રવ્યો પણ ચિંતાનું કારણ છે, કારણ કે આમાંના કેટલાકની શક્તિ અને હાનિકારક અસરોની આગાહી કરવી મુશ્કેલ છે.

UNODC ના અહેવાલ મુજબ, વિશ્વભરમાં વિવિધ પ્રકારના માદક દ્રવ્યોનો ઉપયોગ થઈ રહ્યો છે. આમાં, ભાંગ, જેને સામાન્ય રીતે ભાંગ અથવા ગાંજા સંબંધિત દવાઓ તરીકે ઓળખવામાં આવે છે, તે મોખરે છે. ૨૦૨૪ માં, આશરે ૨૫૬ મિલિયન લોકોએ તેનો ઉપયોગ કર્યો. ઓપીઓઇડ્સ પછી, આશરે ૬૩ મિલિયન વપરાશકર્તાઓ. દરમિયાન, એમ્ફેટામાઇનનો ઉપયોગ ૩૨ મિલિયન લોકો, કોકેન ૨૫ મિલિયન લોકો અને એક્સ્ટસી ૨૧ મિલિયન લોકો દ્વારા કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ, છેલ્લા ૨૫ વર્ષોમાં જમ કરાયેલા ડ્રગ પ્રકારોની સંખ્યામાં લગભગ પાંચ ગણો વધારો થયો છે, જેમાં નવા પદાર્થો અને માદક દ્રવ્યોના સંયોજનો ઉભરી આવ્યા છે. બીજી બાજુ, એક્સ્ટસી પ્રકારના ડ્રગ્સનો ઉપયોગ કરતી સ્ત્રીઓમાં મહિલાઓનો હિસ્સો ૩૨ ટકા હતો. એમ્ફેટામાઇનનો ઉપયોગ કરતી સ્ત્રીઓમાં, ૨૮ ટકા, કોકેન ૨૫ ટકા અને ગાંજા ૨૪ ટકા હતા. તે જ સમયે, અફીણ એટલે કે અફીણ સંબંધિત દવાઓનો ઉપયોગ કરતી સ્ત્રીઓમાં મહિલાઓનો હિસ્સો લગભગ ૧૪ ટકા હતો.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

ચિંતનની ક્ષણે

લાભ અને લોભ આ બે શબ્દ આસપાસ જ સૌના જીવન રાસ રમતાં હોય છે



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શરદ પૂનમનો મુખ્ય સંદેશ એ છે કે ગોપી એટલે કે જીવ અને કૃષ્ણ એટલે પરમાત્મા એમ ગણીએ તો જીવનું જીવન કલ્યાણ અર્થે રસ રાસ થી મહારાસ તરફ વાળવું! પરંતુ આવી તો કેટલીય શરદ પૂનમ ગઈ પણ ત્યાં જવાને બદલે જીવન ખટરસ તરફ ગતિ કરે છે, અને એને પરિણામે જેમ ભર ઉનાળે ઝાંઝવાનાં નીર ને જળ સમજી મૃગ દોડે છે, બિલકુલ એમ ખટરસ એટલે કે જેનું કોઈ અસ્તિત્વ જ નથી, એની પાછળ જીવન પૂરું થાય છે. જોવાની વાત તો ત્યાં છે કે, કોઈ એક નહીં પણ સમાજના મોટાભાગનાનું આવું જ કથન છે. જીવન લાભ અને લોભ જેમાં શબ્દની રીતે જોઈએ તો! માત્રા ભેદે તફાવત છે, પરંતુ માનવીને આ શબ્દો જિંદગીભર નચાવે છે. દાખલા તરીકે દિવાળીનો તહેવાર આવે છે, તો લોકો લક્ષ્મી પૂજા એટલે કે ધનની પૂજા કરીને કેમ ધન વધુ પ્રાપ્ત થાય, એના પ્રયત્ન કરે છે. એટલે કે એમ કહી શકાય કે લાભ પાછળ દોડે છે, અને આજકાલ તો જ્યોતિષ વિદ્યા જાણકારોનો પણ જાણે રાફડો ફાટ્યો હોય તેમ, આ સમયે આ રીતે પૂજા કરવાથી ધનની પ્રાપ્તિ થશે, આમ કરવાથી લોટરી લાગશે,આમ કરવાથી આકસ્મિક ધન પ્રાપ્તિ થશે! એવી જાહેરાત છાપાં, મેગેઝીન, ટીવી, અને સોશિયલ મીડિયા પર કેટલીએ જાહેરાતો ફરશે! જ્યારે બીજો શબ્દ છે લોભ, જેમ જેમ લક્ષ્મી આવે તેમ તેનો મોહ વધતો જાય છે, અને દિવસેને દિવસે કૃપણતા વધતી જાય છે. કદાચ કોઈ ઓછો લોભી હોઈ શકે, પરંતુ વધુ ધન મેળવવાની એની કામના ઓછી થતી નથી. એટલે કે હવે પર્યાપ્ત થઈ ગયું છે, મારું જીવન આસાનીથી પૂરું થઈ શકે તેમ છે, એમ કોઈને થતું નથી, અને એને કારણે જે સમય ધન્યતા અનુભવવાનો, અને ઈશ્વરનો આભાર માનવાનો છે, એ સમય સરી જાય છે.

સૌપ્રથમ તો આજે વ્યક્તિ એટલો ચાલાક થઈ ગયો છે કે, માત્ર ધન કમાવું એવો લાભથી એ સંતુષ્ટ નથી, અને કોઈપણ તક કે જેમાં તેની વાહવાહી થતી હોય, કોઈ તેને શાબાસી આપે કે, પછી નોકરી વગેરેમાં પ્રમોશન મળે એટલે કે રૂપિયાની સાથે સાથે સ્ટેટસ વધે એ બધી તકનો એ લાભ પોતાનાં બુદ્ધિ ચાતુર્યથી લઈ લે છે. એ તો હજી એ સમજાય કે ચાલો વ્યક્તિગત રીતે એને પોતાનો જે રીતે ફાયદો થતો હોય એ રીતે એ કરે. પરંતુ અન્યના નુકસાનનો લાભ લેવાની વૃતિ પણ દિવસે ને દિવસે મનુષ્યમાં વધતી જાય છે, અને એ તેના પતનનું સૌથી મોટું કારણ છે. એટલે એમ કહી શકાય કે દરેક ક્ષેત્રમાં વેપારીકરણની નીતિ એ પ્રવેશ કર્યો છે.

આજીવિકા માટે કેટલીય વસ્તુ જોઈએ છે, દરેક પ્રોડક્ટની માટેની જાહેરાત એ પણ એક ધંધો છે, અને એ રીતે જોઈએ તો જાહેરાતો એ આની માટે બહુ મહત્વનું કામ કર્યું છે, એટલે કે માનવીને પતન માર્ગે દોરી જવા માટે જાહેરાતો પણ એટલી જ કારણભૂત છે. કોઈ ₹૧૦ વેચે તો બીજો ₹૫ માં વહેંચી અને પેલાનો ધંધો તોડે!; અને આને કારણે માલની ગુણવત્તા ઘટતી જાય છે. એમાં હવે તો ઓન લાઇન શોપિંગ નહીં બજાર જવાનું! નહીં બદલાવા જવાનું! અને છતાં ન ગમે તો રૂપિયા પાછાં! અને દરેકે દરેક વસ્તુ ઘરબેઠાં એટલે દવા થી શરૂ કરીને કરિયાણું શાકભાજી, ફ્રુટ્સ, દરેક જાતના રંગબેરંગી અને લેટેસ્ટ ફેશન ના બ્રાન્ડેડ અને નોન બ્રાન્ડેડ કપડાં, દરેક પ્રકારના જૂતાં, અન્ય એસેસરીઝ, બેડશીટ, બ્લેકેટ, અને જ્વેલરી પણ! પરંતુ નાના નાના દુકાનદારો તેમજ ફેરિયાનો ધંધો બેસાડવા માટે શોપિંગ મોલ આવ્યાં, અને હવે ઓનલાઇન શોપિંગ, એટલે વ્યક્તિગત રીતે કદાચ થોડો લાભ થતો હોય, તો એને છોડીને પણ નાના નાના દુકાનદારો, તેમજ ફેરીયા પાસેથી ખરીદવું, અને એ લોકો પણ દિવાળી ઉજવી શકે એવું કંઈક કરવું જોઈએ. શોપિંગ મોલમાં તો ગ્રાહક કંઈ રીતે વધુ ખરીદી કરે, એજ તેનો ''મોટિવ'' હોય છે, કે જ્યાં એક વસ્તુ લેવા જાવ એટલે બીજી ચાર લઈ આવો! અને લાભ લેવામાં ખોટું ધન ખર્ચાઈ જાય છે.

દરેકને તહેવાર ઉજવવાનો હક છે, અને પોતપોતાની રીતે જરૂરિયાત મુજબ વસ્તુ વસાવાનો તેમજ ખરીદવાનો પણ હક છે. પરંતુ બે વાત અહીં બહુ મહત્વની છે, એક તો દેખાદેખીમાં આવી અને જરૂરત વગરનું ખોટું ખરચવું નહીં, અને આમ કરવાથી બહુ મોટો ધન લાભ થશે, એવું વિચારીને કોઈ અંધશ્રદ્ધામાં પડવું નહીં. કારણ કે પુરુષાર્થ વગર પ્રારબ્ધ પણ સાથ આપતું નથી. આજે લોકો પુરુષાર્થ તો બહુ કરે છે, પરંતુ શરીરનો નહીં! બુદ્ધિ નો પરિશ્રમ વેઠી અને કેમ ત્રાગુ કરી વધુ કમાઈ લેવું, એવી યુક્તિ પ્રયુક્તિઓનો આ જમાનો છે, ત્યારે દરેકે દરેક જણાં એ બહુ સાવચેત રહી અને ખરીદી કરવી.

તહેવારોમાં માતા-પિતા પોતાના બાળકો પણ તહેવાર ઉજવી શકે એ માટે નવા કપડાં, મીઠાઈ, ફટાકડા, વગેરે ની ખરીદી કરતા હોય છે. સામાન્યથી સામાન્ય એટલે કે શ્રમજીવી લોકોનાં બાળકો ને પણ દીવાળી ઉજવવાંનો હક્ક છે,એ વાત યાદ રાખી આપણાં પરિવાર સાથે જોડાયેલા આવા નાના માણસોનાં ઘરમાં પણ દીવાળીનાં દીપકનું પ્રાગટ્ય થાય, એટલે કે ખુશી આવે એવું કંઈક જરૂર કરવું, અને આવું કરવાથી આપણને ઘણાં ચોખ્ખા લાભ મળે છે, જેને કોઈ લઈ જઈ શકતું નથી, પડાવી શકતું નથી, કે ચોરી પણ શકતું નથી! અને એ છે આનંદ! આ ઉપરાંત કર્મની ગઠરી સત્કર્મથી ભરાય તો આ અને આવનારો બંને જન્મ સુધરે છે.

લોકો તહેવારોમાં મંદિરે જાય છે, અને ભગવાનને ભેટ અર્પણ કરે છે. હિન્દુ સંસ્કૃતિમાં મંદિર એક મહત્વનું અંગ છે, અને દરેકે ઈશ્વરનો આભાર માનવા મંદિરે જવું જ જોઈએ. પરંતુ ભારતીય સંસ્કૃતિમાં એવા ઘણાં મંદિરો છે, જેની આવક અધધધધ છે, તો ઈશ્વર તો આપણા ભાવનો જ ભૂખ્યો છે, અને એને જે ચઢાવો ચડાવવાનું વિચાર્યું હોય, એ અન્ય જરૂરત મંદમાં ઈશ્વરનાં દર્શન કરી એની દીવાળી સુધારી દેવાથી પણ બહુ મોટો લાભ થશે! લાભની વૃતિથી મેળવેલા રૂપિયા તો ૧૦૦૦ આવે કે ૫૦૦૦ આવે એ ખર્ચાઈ જાય! પણ આ નગદ નાણું ક્યારેય ખર્ચાતું નથી! આવી નાની વાતો યાદ રાખી અને આપણે તહેવાર ઉજવીશું, તો આપણને પણ વધુ ખુશીનો લાભ મળશે! કારણ કે અંતે તો આ રીતે જ રામરાજ્ય સ્થપાશે!: દીવાળી રામરાજ્ય થયું એની ખુશી માટે ઉજવવાંમાં આવે છે. આપણે સૌ લાભની વૃત્તિ રાખી બહુ જીવ્યાં અને જ્યાં જ્યાં શક્યતા હતી એ બધેથી બધીજ પ્રકારનો લાભ મેળવી લીધો છે,પણ છતાં જોઈએ તેવી ખુશી મળી નથી આ વખતે કોઈ અન્ય ને ખુશ કરી જોઈએ, શું ખબર કોઈ વિશિષ્ટ લાભ થઈ જાય ! બસ આ રીતે એકમેકના સુખ દુઃખમાં ભાગીદાર બની અને રામરાજ્ય તરફ ગતિ કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

દિવાળીનો મોટો તહેવાર નજીક છે ત્યારે મોટા ગુનાને અંજામ આપે એ પહેલા પર્દાફાશ

ધાડપાડુ ટોળકીનો પ્લાન ફેઈલઃ SOGએ પાંચને દબોચ્યા

યુપી, બિહાર, મુંબઇથી કારમાં પિસ્તોલ, ધોકા, સ્ટીક સાથે જુનાગઢની આંગડીયા પેઢીને લૂંટવા નીકળેલા પાંચને કુવાડવા પાસે પકડી લેવાયાઃ એક ભાગી ગયોઃ સૌરાષ્ટ્રભરમાં લૂંટ-ધાડનો ઈરાદો હતો

રાજકોટ, તા. ૨૬

દિવાળીનો તહેવાર નજીકમાં છે ત્યારે ચોરી, ચિલઝડપ, લૂંટ, ધાડ સહિતના મિલ્કત વિરોધી ગુના વધી જતાં હોય છે. આ વચ્ચે શહેર એસઓજીની ટીમે એક મોટી સફળતા મેળવી છે. યુપી, બિહાર, મુંબઇના શખ્સોની ગેંગ કાવતરૂ ઘડી જુનાગઢમાં આંગડીયા પેઢીની રેકી કરી ધાડ પાડે એ પહેલા આ ટોળકીના પાંચ સદસ્યોને કુવાડવા નજીક એક્સયુવી કાર સાથે દબોચી લઇ પિસ્તોલ, ધોકા, છરી, ડીસમીસ, સ્ટીક સહિતના હથીયારો કબ્જે કર્યા છે. જુનાગઢમાં લૂંટ કરી લીધા પછી સૌરાષ્ટ્રના બીજા શહેરોમાં પણ લૂટ કરવાનો આ ટોળકીનો પ્લાન હતો. જો કે એક સાગ્રીત કુવાડવા પાસેથી ભાગી ગયો હતો. તેને શોધી કાઢવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

વિગતો પર નજર ધકરીએ તો પ્લાન ઘડીને ધાડ પાડવા માટે નીકળેલા યુપી, બિહાર, મુંબઇની ગેંગના પાંચ શખ્સોને રાજકોટ શહેર એસઓજીએ કુવાડવા ગામની વાંકાનેર ચોકડી પાસેથી એક્સયુવી કારમાં પિસ્તોલ, ધોકા સહિતના હથીયારો સાથે દબોચી લીધા છે. ઝડપાયેલામાં એક બિહારનો રીઢો ગુનેગાર છે. કુલ છ શખ્સો પ્લાન ઘડીને નીકળ્યા હતાં. બિહારનો એક શખ્સ આ ટોળકીને એક પિસ્તોલ આપી કાવતરાના ભાગ રૂપે કુવાડવા ચોકડીએ ઉતરી ગયો હતો. તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. જુનાગઢમાં આંગડીયા પેઢીને લૂંટી લીધા બાદ આ ટોળકી સૌરાષ્ટ્રના અન્ય શહેરમાં પણ આવો ગુનો આચરવાની હોવાનું ખુલ્યું હતું. વધુ માહિતી અનુસાર એસઓજીની ટીમ હાલમાં દિવાળીનો તહેવાર નજીક હોઇ ચોરી, લૂંટ, સહિતના ગુના ન બને અને કોઇ ગેરકાયદે હથીયારો સાથે નીકળતાં હોય તો તેને શોધી કાઢવા માટે પેટ્રોલીંગમાં હતી.

આ દરમિયાન ટીમને બાતમી મળી હતી કે ચોટીલા તરફથી રાજકોટ તરફ એક શંકાસ્પદ મહારાષ્ટ્ર પાસીંગની એક્સયુવી કાર આવી રહી છે અને તેમાં બેઠેલા શખ્સો પાસે હથીયારો છે. આ શખ્સો કોઇ ગુનાને અંજામ આપવા નીકળ્યા છે. આ બાતમીને આધારે ટીમે કુવાડવાની વાંકાનેર ચોકડીએ વોચ રાખી હતી. આ દરમિયાન એમએચ૦૬બીઇ-૩૧૬૫ નંબરની કાર આવતાં જ પોલીસે તેને આંતરી હતી. આ સાથે જ એક શખ્સ ઉતરીને ભાગી ગયો હતો. બાકીના પાંચ જણા અંદર બેઠા હતાં. પોલીસે તમામને સકંજામાં ઇ પુછતાછ કરતાં અને કારની તલાસી લેતાં શંકા વધુ દ્રઢ બની હતી. કેમ કે કારમાંથી બેઝબોલના ધોકા, ડીસમીસ, એલ્યુમિનીયમની સ્ટીક જેવા હથીયારો મળી આવ્યા હતાં.

કારમાં બેઠેલા શખ્સોની પુછતાછ કરતાં પોતાના નામ જાકીરઅલી લીયાકતઅલી (ઉ.વ.૫૫-ધંધો ખેતી, રહે. ભોલીયાપુર દહીલામઉ દેહાત, પ્રતાપગઢ યુપી), રંજનસિંગ ફિરંગીસિંગ રાજપૂત (ઉ.વ.૫૨-ખેતીકામ, રહે. ફટખોલી, પશ્ચીમ ચંપારણ, બિહાર), સૈયદુદિન નજીમીયા અંસારી (ઉ.વ.૫૧-છુટક મજૂરી, રહે. જયસ્વાલનગર મહારાજગંજ યુપી), મહમદ શાહબાઝ શેખ (ઉ.વ.૩૧-ધંધો ડ્રાઇવીંગ, રહે. મુળ બીલખરી, ઉડકડી પોસ્ટ પ્રતાપગઢ યુપી, હાલ વડાલા ઇસ્ટ મુંબઇ) તથા સંજય સુર્યનારાયણ સિંગ (ઉ.વ.૪૮-ધંધો ડ્રાઇવીંગ, રહે. ગવતેચલા ચોલી રૂમ નં. ૧, વીટાવા કોલીવાડા જી. થાણે મહારાષ્ટ્ર) જણાવ્યા હતાં.



આ પાંચે શખસોની વિશેષ પુછપરછ થતાં જાકીરઅલીએ એક્સયુવી કાર પોતાની હોવાનું કબુલ્યું હતું. કારમાં જડતી કરતાં લીલા કલરનો બેઝબોલનો ધોકો, એલ્યુમિનીયમ સ્ટીક, ડેસબોર્ડમાંથી ડીસમીસ, લીલા કલરના ખ્યાનવાળી છરી મળી આવી હતી. તેમજ ડ્રાઇવર સીટની બાજુમાં એક પ્લાસ્ટીકનું ઝબલુ હોઇ તે ખોલીને જોતાં અંદરથી દેશી બનાવટની મેઇડ ઇન યુએસએના માર્ક વાળી પિસ્તોલ મળી આવી હતી. પોલીસે પાંચેયની વધુ પુછતાછ શરૂ કરતાં ફર્યુ ફર્યુ બોલતાં હતાં. આથી તમામને હસ્તગત કરી કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે લાવી ગુનો દાખલ કરાવાયો હતો.

આ પછી યુક્તિ પ્રયુક્તિથી વધુ પુછપરછ કરતાં કબુલાત આપી હતી કે આ તમામ મુંબઇ ખાતે ભેગા થયા બાદ સૌરાષ્ટ્રમાં લૂંટ ધાડ કરવાનો પ્લાન ઘડીને નીકળ્યા હતાં. સૌ પહેલા જુનાગઢ જઇ ત્યાં આંગડીયા પેઢીની રેકી કરી મોટી રકમ લૂંટી લેવાનો પ્લાન હતો. પોલીસે ઝડપાયેલા પાંચેયની ગુનાહિત હિસ્ટ્રી તપાસતાં રંજનકુમારસિંગ અગાઉ બિહારમાં ચોરી, લૂંટ, ધાડ, માદક દ્રવ્યો સહિતના આઠેક ગુનામાં સામેલ હોવાનું કબુલ્યું હતું. બીજા ચારે પણ પોતે અગાઉ ગુનામાં પકડાઇ ગયાની કબુલાત આપી હતી. કારમાંથી પિસ્તોલ મળી તે અંગેની પુછતાછ થતાં આ શખસોએ કહ્યું હતું કે મુળ યુપીના પ્રતાપગઢના પતી તાલુકાના કોહડોર ગામનો મહેબૂબ પણ પોતાની સાથે ટીમમાં હતો.

પરંતુ કાવતરાના ભાગ રૂપે એટલે કે જુનાગઢ કઇ રીતે જવું, ત્યાં કઇ આંગડીયા પેઢીને લૂંટવી તે સહિતની વિગતો પાક્કી કરવા તે કુવાડવા ચોકડી નજીક જ ઉતરી ગયાનું અને પિસ્તોલ કારમાં મુકીને ગયાનું કબુલ્યું હતું. એસઓજી પીએસઆઇ બી. વી. ચુડાસમાએ પકડાયેલા પાંચ અને એક ફરાર મળી છએય વિરૂધ્ધ કાવતરૂ ઘ્ઢી લૂંટ ધાડને અંજામ આપવા નીકળ્યાનો ગુનો નોંધી અટકાયત કરી વધુ તપાસ યથાવત રાખી હતી.

આ પાંચેયની પુછતાછ થતાં પ્રાથમિક તપાસમાં એવી હકિકત પણ સામે આવી હતી કે જૂનાગઢમાં આંગડીયા પેઢીને લૂંટી લે પછી સૌરાષ્ટ્રના બીજા શહેરમાં પણ આ ટોળકી ત્રાટકવાની તૈયારી સાથે આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સૂચના અંતર્ગત પીઆઇ એન. બી. ચૌધરી, પીએસઆઇ બી. વી. ચુડાસમા, એએસઆઇ રવિભાઇ ડી. વાંક, સિધ્ધરાજસિંહ જાડેજા, રાજેશભાઇ બાળા, હેડકોન્સ. સ્નેહભાઇ ભાદરકા, કોન્સ. ધ્રુવરાજસિંહ ગોહિલ, ડ્રા. કોન્સ. નરપતસિંહ જાડેજા અને એસઓજીની ટીમે આ કામગીરી કરી હતી. જો ટોળકી જુનાગઢ પહોંચી ગઇ હોત તો આંગડીયા પેઢી લૂંટાઇ જવાની હતી એ નક્કી જ હતું. ભાગી ગયેલો મહેબૂબ જુનાગઢમાં અન્ય કોઇ લોકલનો સાથ લઇને ઘટનાને અંજામ આપવાનો હતો કે કેમ? તેની વિગતો પણ તપાસાઇ રહી છે.

તપાસમાં ખુલ્યા મુજબ આ ટોળકી જુનાગઢમાં ધાડ પાડવામાં સફળતા મળ્યા પછી મોરબી અને જામનગર તરફ પણ ધાડ પાડવાના પ્લાન સાથે આવી હતી. ભાગી ગયેલો છઠ્ઠો આરોપી મહેબૂબ હાથમાં આવ્યે આ કાવતરાની વધુ વિગતો બહાર આવશે. પોલીસ ઇન્સપેકટર બી. બી. જાડેજા પણ આ કામગીરીમાં સામેલ થયા હતાં.

તબીબ દેવદૂત બન્યાઃ બે બાળકોના બચાવ્યા જીવ

અઢી વર્ષના માસૂમનું જટિલ ઓપરેશન કરી નવજીવન આપ્યુંઃ બીજા બાળકને કુદરતી રીતે બેટરી નીકળી એ માટે યોગ્ય સલાહ આપીઃ ડો. જયદીપ ગણાત્રા અને તેમની ટીમની સમયસૂચકતાથી જીવ બચ્યાઃ જિંદગીઃ વાલીઓ માટે લાલબત્તી સમાન ઘટનાઓ

રાજકોટ તા. ૨૬

બાળકો રમતાં-રમતાં અજાણતાં નાની વસ્તુઓ ગળી જાય તો તે કેટલું ઘાતક સાબિત થઈ શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ રાજકોટમાંથી સામે આવ્યું છે. રાજકોટમાં બે અલગ-અલગ બાળકો દ્વારા બેટરી ગળી જવાની ઘટનાઓ બની હતી. એક કિસ્સામાં અઢી વર્ષના બાળકના આંતરડાને ગંભીર નુકસાન પહોંચતાં પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ ખાતે ડો. જયદીપ ગણાત્રા અને તેમની ટીમ દ્વારા જટિલ ઓપરેશન કરવામાં આવ્યું હતું, જ્યારે બીજા કિસ્સામાં ત્રણ મહિનાની બાળકીની બેટરી તબીબી સલાહ મુજબની સારવારથી કુદરતી રીતે બહાર નીકળી જતાં પરિવારને મોટી રાહત મળી હતી.

અઢી વર્ષના એક માસૂમ બાળકે રમતાં-રમતાં અજાણતાં નાની બેટરી ગળી લીધી હતી. આ બેટરી પાચનતંત્રમાંથી પસાર થઈ સીધી આંતરડા સુધી પહોંચી હતી, જેના કારણે આંતરડાને ગંભીર ક્ષતિ પહોંચી હતી અને બાળકની પ્રી-ઓપરેટિવ સ્થિતિ અત્યંત નાજુક બની ગઈ હતી.

આવા કટોકટીના સમયે પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ, રાજકોટના તબીબો દેવદૂત સાબિત થયા હતા. ડો. જયદીપ ગણાત્રા અને તેમની સર્જિકલ ટીમ દ્વારા તારીખ સત્તરમી ઑક્ટોબરના રોજ બપોરે એક વાગ્યે બાળકનું તાકીદે જટિલ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. સમયસર થયેલી આ સર્જરી અને સઘન સારવારને લીધે બાળકનો આબાદ બચાવ થયો છે.

બીજા એક કિસ્સામાં, અંશી વિવેકભાઈ જોટનિયા નામની માત્ર ત્રણ મહિનાની નાની બાળકીએ પણ આવી જ રીતે બેટરી ગળી લીધી હતી. આ કિસ્સામાં ડો. જયદીપ ગણાત્રા અને તેમની ટીમ દ્વારા પરિવારને તાત્કાલિક અને સચોટ તબીબી સલાહ પૂરી પાડવામાં આવી હતી. તબીબી માર્ગદર્શન હેઠળ દવા દ્વારા શરૂ કરાયેલી સારવાર કારગત નીવડી



હતી અને બેટરી મળ વાટે સુરક્ષિત રીતે બહાર નીકળી જતાં બાળકીને નવજીવન મળ્યું હતું.

આ બંને કિસ્સાઓ એ વાતની સાક્ષી પૂરે છે કે બેટરી ગળી જવાની દુર્ઘટનામાં બાળકની ઉંમર, શરીરમાં બેટરીનું સ્થાન અને તેની ગંભીરતા અલગ-અલગ હોઈ શકે છે. તેથી, આવા કિસ્સાઓમાં કોઈપણ જાતનો વિલંબ કર્યા વિના તાત્કાલિક તબીબી નિદાન અને નિષ્ણાત તબીબોની સલાહ લેવી અનિવાર્ય છે.

રાજકોટની પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ અને જનાના હોસ્પિટલ દ્વારા કટોકટીની સ્થિતિમાં દર્દીઓને ઉત્તમ અને ત્વરિત સેવાઓ આપવામાં આવે છે. બાળકોની અત્યંત નાજુક પરિસ્થિતિમાં સમયસર નિદાન, યોગ્ય સારવાર અને સમગ્ર તબીબી ટીમ વચ્ચેનું ઉત્તમ સંકલન જીવ બચાવવામાં નિર્ણાયક સાબિત થાય છે. આ સમગ્ર સફળતા પાછળ ડો. જયદીપ ગણાત્રા અને તેમની ટીમની સાથે-સાથે નર્સિંગ સ્ટાફ અને વર્ગ-૪ ના કર્મચારીઓની નિષ્ઠાવાન કામગીરી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ રહી છે, જેમણે ઓપરેશન બાદ દર્દીઓની ઉત્તમ સાર-સંભાળ રાખી હતી.

ઘરમાં વપરાતા બટન સેલ બેટરીવાળાં રમકડાં, ટીવી-એસીના રિમોટ, દીવાલ કે હાથની ઘડિયાળો અને અન્ય નાના ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ હંમેશાં નાના બાળકોની પહોંચથી દૂર રાખવાં જરૂરી છે.

ખાસ નોંધઃ જો બાળક દ્વારા બેટરી ગળી જવાની આશંકા કે શંકા પણ જાય, તો બાળક બહારથી તંદુરસ્ત કે સ્વસ્થ દેખાતું હોય તોપણ તેને જરાય રાહ જોયા વગર તાત્કાલિક હોસ્પિટલ લઈ જવું જોઈએ.

ડોક્ટરની યોગ્ય સલાહ લીધા વિના ક્યારેય બાળકને ઘરે ઊલટી કરાવવાનો પ્રયાસ કરવો નહીં કે જોખમી ઘરગથ્થુ ઉપચાર કરવા નહીં.

એક નાની બેટરી માસૂમ બાળકના જીવન માટે જીવલેણ જોખમ બની શકે છે. આ બંને ઘટનાઓ તમામ વાલીઓ અને માતા-પિતાને બાળકોની સુરક્ષા બાબતે વધુ સજાગ, સાવચેત અને સતર્ક રહેવાનો મોટો સંદેશ આપે છે તેમજ કટોકટીમાં સમયસર મળતી તબીબી સારવારનું મહત્ત્વ સમજાવે છે.

જરૂરીયાતમંદ લોકોની મજબૂરની ફાયદો ઉઠાવતાં ગઠીયા સામે લાગલગાટ ત્રીજો ગુનો

ક્વાર્ટરના નામે કિરીટે વધુ ૩।। લાખ કટકટાવ્યા

પોપટપરામાં સસ્તામાં ક્વાર્ટર અપાવશે, મહાપાલિકામાં મોટી ઓળખાણ છે તેમ કહી સેન્ટીંગ કામ કરતાં શ્રમીકને એક ખાલી ક્વાર્ટર આપી નાણા ઉસેડી ગયોઃ અગાઉ પણ નોંધાયા હતાં આવા બે ગુના



રાજકોટ, તા. ૨૬

શહેરમાં ગઠીયાગીરીની ઘટનાઓ રોજબરોજ બની રહે છે. ઓનલાઈનની સાથે ઓફલાઈન ઠગાઇ પણ થતી રહે છે. સસ્તામાં મકાન, ક્વાર્ટર અપાવી દેવાના નામે પણ અગાઉ અનેક છેતરપીંડી થઇ ચુકી હતી. ત્યાં વધુ એક આવી ફરિયાદ સામે આવી છે. જેમાં મુળ કાલાવડ પંથકના શખ્સે પોપટપરા સ્મશાન પાસેની આવાસ યોજનામાં સસ્તામાં ક્વાર્ટર અપાવી દેવાના નામે સતત ત્રીજી ઠગાઇ કર્યાનું સામે આવ્યું છે. અગાઉ બે ગુના તેના વિરૂધ્ધ નોંધાયા પછી ત્રીજો ગુનો દાખલ થયો છે. કિરીટ ઉર્ફે દિલીપ નામના આ ફર્નિચર કામના કારીગરે સતત ત્રીજી ઠગાઇમાં પોપટપરાના એક શ્રમીકના સાડા ત્રણ લાખ કટકટાવી લીધાનું ખુલ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં આવાસ યોજનાના મકાનો સસ્તામાં કે સેટિંગથી અપાવવાના નામે સામાન્ય નાગરિકો સાથે છેતરપિંડી આચરવાના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે. આવો જ એક તાજો કિસ્સો પોપટપરા વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં પોપટપરા સ્મશાન સામે નવા બનેલા આવાસ યોજનાના ક્વાર્ટરમાં મકાન અપાવવાની લાલચ આપી એક શ્રમિક પરિવાર પાસેથી ૩.૫૦ લાખ રૂપિયા પડાવી લેનાર દિલીપ ઉર્ફે કિરીટ કાંતીલાલ વડગામા સામે સતત ત્રીજો ગુનો દાખલ થયો હતો. વધુ મીહતી અનુસાર પોપટપરા વિસ્તારમાં શેરી નં. ૧૪માં રહેતા અને સેન્ટિંગ કામ કરતા ઉમરભાઈ સુલેમાનભાઈ સઘવાણી નામના ચુમાલીસ વર્ષના શ્રમિકે એફઆઇઆર દાખલ કરાવી હતી.

તેમની ફરિયાદ મુજબ આશરે અઢી મહિના પહેલા તેમની મામી નસીમબેને તેમને જણાવ્યું હતું કે દિલીપ વડગામા નામના વ્યક્તિની પોપટપરા આવાસ યોજનામાં સારી ઓળખાણ છે અને તેઓ સેટિંગથી ક્વાર્ટર અપાવવાનું કામ કરે છે. જેથી ઉમરભાઈએ મામી મારફતે દિલીપનો સંપર્ક કર્યો હતો. મુલાકાત દરમિયાન આરોપી દિલીપે મહાનગર પાલિકાના મોટા અધિકારીઓ સાથે ઓળખાણ હોવાનું અને અગાઉ ઘણા લોકોને ક્વાર્ટર અપાવ્યા હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો. આરોપીએ ફરિયાદીને ખાલી ક્વાર્ટર બતાવીને બૂકિંગ માટે સાડા ત્રણ લાખ રૂપિયાની માંગણી કરી હતી. આ પછી તા. ૨૨/૦૮/૨૦૨૬ના રોજ ઉમરભાઈએ પોતાની મહેનતની રકમ ભેગી કરી હતી.

ત્યારબાદ તેમણે અને નસીમબેનની રૂબરૂમાં દિલીપને રૂા. ૩,૫૦,૦૦૦ રોકડા આપ્યા હતા. ત્યારબાદ આરોપીએ ટૂંક સમયમાં ફાઈલ તૈયાર થઈ જશે તેમ કહી રવાના કર્યા હતા. પણ થોડા દિવસો પછી ઉમરભાઈએ ફોન કરી પૂછપરછ કરતા આરોપી અલગ અલગ બહાના બતાવી સમય કાઢતો હતો. દરમિયાન ઉમરભાઈ બીમાર પડ્યા હતા અને સારવારમાં રોકાયા હતાં. ત્યારબાદ તેમને ખબર પડી કે આ જ દિલીપએ રૂખડીયાપરા અને અન્ય વિસ્તારના લોકો સાથે પણ આવાસ યોજનામાં મકાન અપાવવાના નામે લાખો રૂપિયા પડાવીને છેતરપિંડી આચરી છે. પોતાની સાથે પણ ઠગાઈ થયાનું ધ્યાને આવતા ઉમરભાઈએ ફરિયાદ દાખલ કરાવી હતી.

ઉલ્લેખનીય છે કે દિલીપ વડગામા સામે અગાઉ પણ આવા જ પ્રકારના અન્ય બે ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. પીઆઇ એમ. ડી. મકવાણાની રાહબરીમાં હેડકોન્સ. અન. કે. વાળાએ ગુનો દાખલ કર્યો છે. વધુ તપાસ પી. આર. કોટડ ચલાવી રહ્યા છે. કિરીટ ઉર્ફે દિલીપ ઝડપાયા બાદ તેણે આ રીતે અન્ય કોઇના પણ નાણા કટકટાવ્યા છે કે કેમ? તેની વિગતો સામે આવશે. આ રીતે કોઇપણ લોકો સરકારી આવાસ વેંચી કે અપાવી શકતાં નથી. માન્ય વેબસાઇટ પર ઓનલાઇન ફોર્મ, ડ્રો સહિતની પ્રક્રિયા બાદ જ આવા આવાસ ક્વાર્ટર મળતાં હોય છે. આવા ક્વાર્ટર અપાવવાના નામે કોઇ રૂપિયા ઉઘરાવતું હોય તો પોલીસને અથવા મનપાને જાણ કરવી જોઇએ જેથી કરીને આવા ફ્રોડથી બચી શકાય.

ચામડાતોડ વ્યાજખોરોને ડામી દેવા શહેર જીલ્લાની પોલીસ આકરી બની છે એ વચ્ચે અરેરાટીજનક ઘટના

વ્યાજમાં ફસાતાં દંપતિનો આપઘાત


કૃષ્ણનગરમાં રહેતાં ચાલીસ વર્ષના યુવાન અને તેમના ચાલીસ વર્ષિય પત્નિએ અટીકામાં પોતાના લસણના કારખાનામાં સજોડે લટકીને દુનિયા છોડીઃ યુવાન વૃધ્ધ માતા-પિતાનો એક જ આધાર અને બે બહેનના એક જ ભાઇ હતાઃ પંદર વર્ષના દિકરાએ માતા-પિતા ગુમાવતાં કાળો કલ્પાંત

રાજકોટ તા. ૨૬

એક તરફ પોલીસ વ્યાજખોરીને ડામવા સતત આકરી કાર્યવહી કરી રહે છે. રાજકોટ રૂરલ પોલીસ તો વ્યાજખોરીમાં નાણા મિલ્કતો ગુમાવી ચુકેલા લોકોને તેની માલમત્તા પરત આપી નોંધપાત્ર કામગીરી કરી રહી છે. તેમજ શહેર જીલ્લામાં પોલીસ વ્યાજખોરો સામે સતત આકરા પગલા લઇ રહી છે. આમ છતાં વ્યાજંકવાદ અટકતો નથી એ પણ હકિકત છે. આ વાતની પ્રતીતી કરાવતી કરૂણ ઘટના રાજકોટ શહેરમાં બની છે. જેમાં અધધધ ચામડાતોડ વ્યાજખોરીમાં ફસાયેલા દંપતિએ પોતાના અટીકામાં આવેલા કારખાનામાં ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. ચાર લાખ સામે રોજના તેતાલીસથી પચાસ હજાર વ્યાજ લેખે એકવીસ લાખ જેવી રકમ ચુકવી દીધી છતાં વ્યાજખોર એક સાથે આઠ લાખ ચુકવી દેવા અને ન ચુકવે તો રોજના સિત્તેર હજાર વ્યાજ વસુલશે તેવી ધમકી આપતો હોઇ આ દંપતિ મરી જવા મજબૂર થયાની કરૂણ હકિકત સામે આવી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં વ્યાજખોરીને કારણે વધુ એક પરિવારનો માળો વેરણછેરણ થઇ ગયો છે. પીડીએમ કોલેજ પાછળ સ્વામિનારાયણ ચોક કૃષ્ણનગરમાં રહેતાં અને અટીકામાં લસણ ફોલવાનું કારખાનુ ચલાવતાં કોળી યુવાને રાતે પોતાના પત્નિ સાથે ઘરેથી નીકળી ગયા બાદ કારખાનામાં જઇ એક જ ચૂંદડીમાં બંનેએ લટકી જઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. પરિવારજનોના કહેવા મુજબ ધંધા માટે આ યુવાને મોરબીના કોઇ શખ્સ પાસેથી ત્રણેક મહિના પહેલા રૂા. ચાર લાખ વ્યાજે લીધા હતાં. જેનું રોજનું રૂપિયા ૪૩ હજારથી ૫૦ હજાર વ્યાજ ચુકવવાનું હતું. પણ ચારલાખના આઠ લાખ થઇ જતાં સોમવારે છવ્વીસમીએ આ પુરેપુરી રકમ ન ચુકવે તો રોજના ૭૦ હજાર વસુલવાના હતાં. આને કારણે ટેન્શનમાં આવી જઇ બંનેએ જીવ આપી દીધાનું સગાએ કહેતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

વધુ માહિતી અનુસાર મુજબ સ્વામિનારાયણ ચોક કૃષ્ણનગર-૧૨માં રહેતાં ચાલી વર્ષિય કોળી રમેશભાઇ માવજીભાઇ ચાવડા અને તેમના પત્નિ ચાલીસ વર્ષિય ભારતીબેન રમેશભાઇ ચાવડાએ રાતે અટીકા ફાટકથી આગળ આવેલી દેવકીવાળી શેરીમાં પોતાના લસણના કારખાને જઇ લોખંડની આડીમાં



લસણના ધંધાના વિકાસ માટે ચાર લાખ લઇ રોજના તેતાલીસ હજાર લેખે એકવીસ લાખ ચુકવી દીધા હતાંઃ એક સાથે આઠ લાખ ન ચુકવે તો રોજના સિત્તેર હજાર વસુલવા મોરબી તરફના વ્યાજખોરે ધમકી દેતાં પતિ–પત્નિ વૃધ્ધ પિતાને ભેટીને રડ્યા બાદ કારખાને જઇ દુનિયા છોડી ગયાઃ વ્યાજખોર સામે આકરી કાર્યવાહીની તજવીજ

ચુંદડી બાંધી બંનેએ એકસાથે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. બનાવની જાણ ૧૦૮ના ઇએમટી ઉર્વિશાબેને કરતાં કન્ટ્રોલ ઇન્ચાર્જ વી. એ. પરમારે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. ઘટનાને પગલે એએસઆઇ શૈલેષભાઇ નાગજીભાઇ સહિતનાએ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી બંને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.

તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનારા રમેશભાઇ ચાવડા બે બહેનના એકના એક વચેટ ભાઇ હતાં. તેમને સંતાનમાં ૧૫ વર્ષનો દિકરો જય છે. રમેશભાઇ તેમના પત્નિ ભારતીબેન, દિકરો, માતા મંજુલાબેન, પિતા માવજીભાઇ કાનજીભાઇ ચાવડા સહિતના પરિવારજનો સાથે રહેતાં હતાં. રમેશભાઇને અટીકામાં લસણ ફોલવાનું કારખાનુ છે. જેમાં તેમના પત્નિ ભારતીબેન પણ તેની સાથે બેસી આ કારખાનુ સંભાળતા હતાં. ધંધાના વિકાસ માટે આ દંપતિએ ત્રણેક મહિના પહેલા મોરબી તરફના ગોબરભાઇ તરીકે ઓળખાતા અને અટીમાં આવ જા કરતાં કોઇ શખ્સ પાસેથી ચાર લાખ રૂપિયા મસમોટા વ્યાજે લીધા હતાં.

સગાના કહેવા મુજબ આ રકમ સામે દંપતિને દરરોજે ૪૨ હજારથી ૫૦ હજારની રકમ વ્યાજ પેટે ચુકવવાની હતી. ધધો સારો હાલતો હોઇ શરૂઆતમાં દંપતિએ વ્યાજ ચુકવ્યું હતું. પરંતુ હાલમાં ૪ લાખનું ચડત વ્યાજ કરીને ૮ લાખે પહોંચાડી દેવામાં આવ્યું હતું. આ પછી વ્યાજે આપનારાએ ૨૬મીએ એટલે કે સોમવારે પુરેપુરા ૮ લાખ ચુકવી દેવા કહ્યું હતું. તેમજ જો આજે રકમ ન ચુકવે તો દરરોજ ૭૦ હજાર પોતે વસુલ કરશે તેવી ધમકી આપી હતી. આ કારણે દંપતિ ખુબ ચિંતામાં મુકાઇ ગયું હતું અને રાતે ઘરેથી નીકળી કારખાને જઇ આપઘાત કરી લીધો હતો.

ઘરેથી મોડી રાતે બંને નિકળ્યા હોઇ વૃધ્ધ પિતા માવજીભાઇ ચાવડાને શંકા ઉપજતાં તેણે પોતાના ભાઇના દિકરા લક્ષ્મીદાસને બોલાવી તપાસ કરવાનું કહેતાં બાદમાં બંને અટીકાના કારખાને પહોંચતાં આ ઘટનાની જાણ થઇ હતી. ભક્તિનગર પીઆઇ જે. ડી. પરમારની રાહબરીમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. વ્યાજે આપનાર શખ્સ કોણ છે? ખરેખર કેટલી રકમ હતી? કેટલુ વ્યાજ ચુકવવાનું હતું? તેની વિગતો હવે પછી બહાર આવશે.

આ બનાવથી ચાવડા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. તો શહેરભરમાં વ્યાજંકવાદને કારણે એક હર્યાભર્યા પરિવારનો માળો વેરવિખરે થઇ ગયાની જાણ થતાં અરેરાટી વ્યાપી ગઇ છે. પોલીસ અવાર-નવાર વ્યાજખોરો સામે આકરી કાર્યવાહી કરે છે. લોક દરબારો યોજી ચામડાતોડ વ્યાજખોરો વિરૂધ્ધ ગુના નોંધી તેને જેલભેગા કરે છે, લોકોને તેની પડાવી લેવાયેલી માલમત્તા પરત અપાવે છે. આમ છતાં વ્યાજખોરો ફાટીને ધુમાડે જઇ રહ્યા છે અને જરૂરીયાતમંદ લોકોના એટલી હદે શોષણ કરે છે તેઓ મરવા માટે મજબૂર થઇ જાય છે. આ ઘટના તેનો બોલતો અને કરૂણ પુરાવો છે. આ કિસ્સામાં પોલીસ તપાસ બાદ જવાબદાર સામે ગુનો નોંધી કાર્યવાહી કરશે તેમ જાણવા મળ્યું છે.

'રાતા પાણી'ની સાથે સાથે 'માદક દ્રવ્યો'ના બંધાણી વધી ગયા રંગીલા રાજકોટમાં

ગાંજા-દારૂ સાથે પાંચને દબોચી લેવાયા

યુપીથી ગાંજો આપવા આવેલા શખ્સને ભક્તિનગર પોલીસે પકડ્યોઃ જ્યારે દારૂના અલગ અલગ દરોડામાં પોલીસે કરી કામગીરી

રાજકોટ તા. ૨૬

શહેરમાં દારૂ ઉપરાંત માદક પદાર્થના બંધાણીઓ વધુ ગયા હોય તેમ વધુ એક વખત ગાંજો પકડાયો છે. આ વખતે ભક્તિનગર પોલીસે હેરાફેરીને નાકામ બનાવી હતી. ઉત્તરપ્રદશેથી રાજકોટ ગાંજાની ડિલીવરી કરવા આવેલા ખેપીયાને ભકિતનગર પોલીસે બાતમીના આધારે કોઠારીયા મેઇન રોડ પરથી દબોચી લઇ એક કિલોથી વધુના ગાંજા સહિત અઠસઠ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મોકલનાર અને મંગાવનાર બંનેને શોધી કાઢવા પોલીસે કવાયત કરી હતી. બીજી તરફ દારૂની હેરાફેરી કરનારા પાંચને પણ પકડી લેવાયા હતાં. એક જણાએ તો વળી રિક્ષાના સ્પીકરમાં બોટલો છુપાવી રાખી હતી!

વિગતો પર નજર કરીએ તો શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ઝોન-૧ હતેલ પટેલ, એસપી બી.વી. જોડાની સુચનાને પગલે ભકિતનગર પીઆઇ જે. ડી. પરમારની રાહબારીમાં 'સેનો ટુ ડ્રગ્સ' અંતર્ગત પીએસઆઇ એસ.એચ. ગોહિલ સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ''હુડકો કવાર્ટર''માં રહેતા સંતોષ ઉર્ફે ગોપાલ જગદીશભાઇ પાલાએ ગાંજાનો જથ્થો મંગાવ્યો આ ગાંજાનો જથ્થો હરીઓમસિંહ ઉર્ફે મોનુ વિનોદભાઇ ભદોરીયા (વિજયપુરા, જી.ઇટાવા, યુપી) તેને હુડકો ચોકડી પાસે આશાપુરા નગર શેરી નં. ૨ માં દેવા આવવાનો હોવાની બાતમીના આધારે ટીમે દરોડો પાડી હરીઓમસિંહને ઝડપી લીધો હતો.

તેની પાસે રહેલી બેગમાં પ્લાસ્ટીકની કોથળી કે જેમાં 'હેવ અ નાઇસ ડે' લખેલી હતી. તેની તલાશી લેતા તેમાંથી રૂા. ૫૮,૫૦૦ની કિંમતનો ૧.૧૭૦ કિલો ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતા ગાંજો, ફોન, રોકડ સહિત કુલ રૂા. ૬૮,૭૩૦નો મુદામાલ કબ્જે કરી તેની સામે એડીપીએસ એકટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. જયારે ફરાર ગાંજો મંગાવનાર સંતોષ ઉર્ફે ગોપાલ પાલાની શોધખોળ શરૂ કરી હતી. પોલીસે જણાવ્યું કે, ગાંજાના જથ્થો સંતોષે યુપીનો એક શખ્સ પાસેથી મંગાવ્યો હતો. તે દસ હજાર લઇ હરીઓમસિંહ રાજકોટ ડીલીવરી કરવા માટે આવ્યો હતો. પરંતુ તે પહેલા તેને દબોચી લેવાયો હતો.

માકદ પદાર્થ પકડી લેવાની આ કામગીરી



પોલીસ ઇ. જે. ડી. પરમાર, પો. સબ. ઇ. એસ. એચ. ગોહીલ, એ.એસ.આઇ. નિલેષભાઇ મકવાણા, કુલદીપસિંહ ચુડાસમા, પોલીસ હેડ કો. કેતનભાઇ બોરીયા, હરવિજયસિંહ ગોહીલ, રમેશભાઇ માલીકીયા તથા ડ્રાઇવર પો. હેડ કો. રાજેશગીરી ગોસ્વામી, પોલીસ કો. નિલેશભાઇ મીયાત્રા, પ્રકાશભાઇ મકવાણા, રવિભાઇ રત્નુ, યુવરાજસિંહ જાદવ, યોગીરાજસિંહ જોડેજા, નરસંગભાઇ ગઢવી, હોમગાર્ડ દિપભાઇ ટાંક, હાર્દિકભાઇ પીપળીયાએ કરી હતી. તેમજ પ્રાથમિક તપાસ કરી એફએસએલ, અધિકારી કે. એમ. તાવીયાએ માદક પદાર્થ ગાંજો હોવાનો અભિપ્રાય આપ્યો હતો.

બીજી તરફ દારૂની હેરાફેરી પણ પકડાઇ હતી. પોલીસે આવા પાંચ દરોડા પાડ્યા હતાં. રાજકોટમાં દારૂના ધંધાર્થી અને બુટલેગરો પોલીસથી બચવા માટે દારૂ છુપાવવાના અવનવા કિમીયા અજમાવતા હોય છે. ત્યારે રાજકોટ-અમદાવાદ હાઇવે પર કુવાડવા ગામ પાસે દરોડો પાડી કુવાડવા રોડ પોલીસે રિક્ષા ચાલકને ઝડપી લીધો હતો રિક્ષાની તલાશી લેતા સ્પીકરના બોક્ષમાંથી વ્હીસ્કીનો જથ્થો મળી આવ્યો હતો. વિગતો અનુસાર પોલીસે રિક્ષાની તલાશી લેતા ટેપ વગાડવાના સ્પીકર બોક્ષમાંથી દારૂનો જથ્થો મળી આવતા પંજાબના માર્કાવાળી રૂા.૯૨ હજારની વ્હીસ્કીની ૭૧ બોટલ મળી આવતા દારૂ અને રિક્ષા સહિત રૂા.૧.૯૨ લાખનો મુદામાલ કબ્જે કરી આરોપી દારૂ કયાંથી લાવ્યો હતો અને કોને આપવાનો હતો તેની તપાસ હાથ ધરાઇ હતી.

પોલીસના કહેવા મુજબ કુવાડવા રોડ પોલીસના પીઆઇ એ.એન.જાનીની રાહબરીમાં એએસઆઇ સંજયભાઇ કુમારખાણીયા, કોન્સ. જુગલભાઇ કથરીયા, હોમગાર્ડ અભીજીતસિંહ ઝાલા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે કુવાડવા ગામ જીઆઇડીસીના ઓવરબ્રીજ નજીક ચોટીલા તરફથી એક રિક્ષા શંકાસ્પદ હાલતમાં આવતી નજરે પડતા તેને પોલીસ ચોકીએ લાવી પુછતાછ કરતા રિક્ષા ચાલકે પોતાનું નામ મેહુલ પ્રવિણભાઇ સોલંકી (ચુનારાવાડ, ભાવનગર રોડ) જણાવ્યું હતું. બીજા દરોડામાં કાઇમબ્રાંચના હેડ કોન્સ. જયદેવસિંહ પરમાર, કોન્સ. મયુરધ્વજસિંહ જોડેજા, ત્રીપદાબેન ભટ્ટ સહિતનો સ્ટાફે બાતમીના આધારે સિવિલ હોસ્પિટલ ચોકના બ્રીજ નીચેથી એકટીવા લઇને નિકળેલા મીનાક્ષીબેન મયુરભાઇ ડાભી (રહે. ન્યુ શકિત સોસાયટી, ગુ.હા.બોર્ડ કવાટર, દુધ સાગર રોડ) ને પકડી લઇ એકટીવાની તલાશી લેતા તેની ડેકીમાંથી રૂા.૩૨૪૦ ની કિંમતના વ્હીસ્કીના ૧૨ ચપલા મળી આવતા દારૂ અને એકટીવા સહિત રૂા.૫૩ હજારનો મુદામાલ કબ્જે કરી પુછતાછ શરૂ કરી છે.

જ્યારે અન્ય એક દરોડામાં એલસીબી ઝોન-રની ટીમના એએસઆઇ એચ.જે. જોડેજા, હેડ કોન્સ. શકિતસિંહ ગોહીલ, સહદેવસિંહ જોડેજા, હેમેન્દ્રભાઇ વાધીયા, કોન્સ. કુલદીપસિંહ રાણા અને મૈસુરભાઇ કુંભારવાડીયા સહિતના સ્ટાફે બાતમીના આધારે મવડી મેઇન રોડ પર શ્રીનાથજી સોસાયટી શેરી નં.૧૩ નજીક યદુનંદન ચોકના ખૂણેથી કરણસિંહ દિગુભાઇ જોડેજા (વિનાયકનગર, મવડી રોડને પકડી તેની પાસે રહેલી કાપડની થેલીની તલાશી લેતા રૂા.૮ હજારની વ્હીસ્કીની ૨૪ બોટલ મળી આવતા કબ્જે કરી તેની પુછતાછ શરૂ કરી હતી. તેમજ ચોથા દરોડામાં બી-ડીવીઝન પોલીસના હેડ કોન્સ. એમ. ડી.કછોટ, કોન્સ. અજીતસિંહ પરમાર સહિતે મોરબી રોડ પર જકાતનાકા પાસે જમના પાર્ક સોસાયટીના ખૂણેથી ગૌરવ ઉર્ફે વીરૂ જગદીશભાઇ રાબડીયા (વાલ્મીકી સોસાયટી)ને વ્હીસ્કીની બે બોટલ સાથે ઝડપી લીધો હતો.

આ ઉપરાંત પાંચમા દરોડામાં બી-ડીવીઝન પોલીસના હેડ કોન્સ. નરેશભાઇ ચાવડા, કોન્સ. જગમાલભાઇ જાદવ સહિતના સ્ટાફે ભગવતીપરા મેઇન રોડ પરથી દેશી જડીબુટીનું કામ કરતા રાજુ રોહનસીંગ ચીતોડીયા (રતનપર ગામ ઝુંપડામાં મુળ મહારાષ્ટ્ર) ને વ્હીસ્કીની ૧ બોટલ સાથે પકડી લઇ કાર્યવાહી કરી હતી. આમ પાંચ દરોડામાં પોલીસે દારૂનો જથ્થો પકડી હેરાફેરી અટકાવી હતી.

ઓનલાઇન ઓર્ડર સમયસર પુરો ન થતાં કૂરીયર કંપનીના નંબર સર્ચ કર્યા ને ફસાયા

ઓનલાઈન સાયકલ લેવા જતાં ૪।। લાખનો ડામ

કસ્ટમર કેર નંબર સમજી જેને ફોન કર્યો એ ગઠીયાનો હતોઃ પ્રોસેસના નામે એપીકે ફાઇલ મોકલી નાણા પડાવ્યાઃ બીજી તરફ રેલ્વેમાં ટીટીઇનો સ્વાંગ રચી રીલ બનાવવા જતાં યુવાન ભેખડે ભરાયોઃ રેલ્વે-આરપીએફ પોલીસે કાયદાની ભાષામાં સમજાવ્યો


રાજકોટ, તા. ૨૬

સાયબર ગઠીયાઓએ રોજબરોજ ઠગાઇ કરવાનું અવિરતપણે ચાલુ રાખી પોતાની છેતરવાની કામગીરીનો ગ્રાફ સતત ઉંચા લેવલ પર રાખ્યો છે. વધુ એક બનાવમાં સાલયકલની ઓનલાઇન ડીલીવરી સમયસર ન મળતાં ગૂગલમાંથી કુરીયર કંપનીના કસ્ટમર કેર નંબર શોધી ફોન કરતાં આ ફોન ગઠીયાઓએ રિસીવ કરી લીધો હતો અને સાયકલની ડિલીવરીના નામે પ્રોસેસ કરવાના બહાને એપીકે ફાઇલ મોકલી સાડા ચાર લાખ રૂપિયા તેમના ખાતામાંથી ઉપાડી લીધા હતાં. એક ભુલો ત્યાં બીજી ત્રણ ચાર કે તેનાથી પણ વધુ ઠગાઇ રોજેરોજ થતી હોય છે. પોલીસ ચોપડે એફઆઇઆર સ્વરૂપે પહોંચતી હોય તેવી જુજ ફરિયાદો હોય છે. બાકીના કિસ્સામાં ઓનેઓન અરજી રાખીને તપાસ થતી હોય છે.

ફ્રોડની વિગતો જોઇએ તો વલસાડના રામકૃષ્ણ ટીલ સાથે કુરિયરના નામે ૪.૫૪ લાખ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડી થઈ છે. ઓનલાઈન સાયકલની ડિલિવરી ન મળતા તેમણે કુરિયર કંપનીના કસ્ટમર કેરમાં ફોન કર્યો, જે તેમને ભારે પડ્યો હત. રામકૃષ્ણના કઝીન ભાઈએ ડીલ્હીવરી કૂરિયરથી સાયકલ મંગાવી હતી. ડિલિવરી ન મળતા રામકૃષ્ણએ ગૂગલ પરથી કસ્ટમર કેરનો નંબર શોધ્યો હતો. જો કે આ નંબર ગઠીયાનો હતો. ઠગે વોટ્સએપ પર કસ્ટમર સપોર્ટ વી-વન એપીકે નામની ફાઇલ મોકલી પ્રોસેસ કરવા કહ્યું હતું.

આથી ફરિયાદીએ સૂચના મુજબ આ એપીકે ફાઈલ ડાઉનલોડ કરી વિગતો ભરી. ફાઈલ ડાઉનલોડ થતા જ સાયબર ઠગોએ તેમના મોબાઈલમાં રહેલી ફોન પે એપ્લિકેશનનું એક્સેસ મેળવી લીધું. તેમની જાણ બહાર બેંક ખાતામાંથી પૈસા ઉપાડી લીધા હતાં. એક બેંક ખાતામાંથી ૨,૯૨,૪૪૬ રૂપિયા અને બીજા ખાતામાંથી ૧,૬૨,૨૪૮ રૂપિયા ટ્રાન્સફર કરાયા. કુલ ૪,૫૪,૬૯૪ રૂપિયાની છેતરપિંડી થઈ હતી.. પૈસા ડેબિટ થતા જ ફરિયાદીએ ૧૯૩૦ હેલ્પલાઈન પર ફરિયાદ કરી. વલસાડ સિટી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ વધુ એક વખત કસ્ટમર કેરના ઓનલાઇન નંબર શોધી સંપર્ક કરતાં ઠગાઇ થઇ ગઇ હતી.

બીજી તરફ સોશિયલ મીડિયા પર ફેમસ થવા અને વ્યૂઝ મેળવવા માટે આજકાલ યુવાનો કોઈપણ



હદે જવા તૈયાર થઈ જતા હોય છે, ત્યારે સુરતમાં ફેમસ થવા માટે વીડિયો બનાવવો યુવકને ભારે પડ્યો હતો. સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૦૨ પર રેલવેના ટીટીઇ જેવા કપડાં પહેરી એક યુવક મુસાફરોની ટિકિટ તપાસતો હતો. તેમજ મુસાફરો સામે રોફ જમાવતો હતો. જે વીડિયો સામે આવતા સુરત રેલવે પોલીસ અને આરપીએફ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી યુવકને દબોચી લીધો હતો. ટ્વિટર પર સુરત રેલવે સ્ટેશન વિસ્તારનો એક શંકાસ્પદ વીડિયો વાયરલ થયો હોવાની ફરિયાદ મળી હતી.

આ વીડિયોમાં એક યુવક સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર ટીટીઇ જેવા કપડા પહેરી મુસાફરો પાસે ટિકિટ માંગતો જોવા મળ્યો હતો. તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે ચીલબોય-૯૨ નામના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ અને યુટ્યુબ આઈડી પરથી વીડિયો અપલોડ કરાયો હતો. આ મામલે સુરત રેલવે પોલીસની ટીમે ટેકનિકલ અને બાતમીદારોની મદદથી તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સના આધારે ટીમે સુરતના લિંબાયત-ઉધના વિસ્તારમાંથી વીડિયો બનાવનાર શખ્સને દબોચી લીધો હતો. આરોપી સમીઉલ્લાહ શેખ કે જે સુરતના મહાપ્રભુ નગરનો રહેવાસી છે.

વીડિયોમાં યુવક ટિકિટ ચેકર જેવો દેખાવ કરીને સુરત રેલવે સ્ટેશન અને ચાલતી ટ્રેનમાં મુસાફરોની ટિકિટ ચેક કરી રહ્યો હતો. યુવક સફેદ શર્ટ, કાળું પેન્ટ, ગળામાં ઓળખપત્ર અને હાથમાં ડાયરી રાખીને રેલવે પ્લેટફોર્મ પર ફરી રહ્યો હતો. તે બેન્ચ પર બેઠેલા મુસાફર પાસે જઈને ટિકિટ માંગે છે અને ટિકિટ ન હોવાથી દંડ ભરવા માટે કહે છે. મુસાફર તેની માફી માંગે છે તેમજ પગે પડી વિનંતી પણ કરતા જોવા મળે છે. ત્યારબાદ તે પ્લેટફોર્મ પર અન્ય મુસાફરો પાસે પણ ટિકિટ ચેક કરવાનો ઢોંગ કરે છે. યુવક ટ્રેનના જનરલ ક્લાસ ડબ્બામાં પણ ચડી જાય છે. તે ચાલતી ટ્રેનમાં ભેલા અને બેઠેલા મુસાફરો પાસેથી ટિકિટ ચેક કરે છે. એક ડબ્બામાં જ્યારે કેટલાક મુસાફરો તેને વીડિયો શૂટિંગ વિશે પૂછે છે અને શંકા કરે છે, ત્યારે તે વાત ટાળીને બીજા ડબ્બામાં ચાલ્યો જાય છે. તે અન્ય મુસાફરો પાસે પાસ કે ટિકિટ માંગે છે અને સમજાવીને આગળ વધતો રહે છે.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે, તેણે સુરત રેલવે સ્ટેશન પરિસરમાં અનધિકૃત રીતે પ્રવેશ કર્યો હતો અને પ્લેટફોર્મ નં. ૦૨ પર આ વીડિયો શૂટ કર્યો હતો. તેણે દાવો કર્યો હતો કે, આ વીડિયો માત્ર મનોરંજન અને કન્ટેન્ટ બનાવવાના હેતુથી બનાવ્યો હતો અને મુસાફરો પાસેથી કોઈ નાણાં પડાવ્યા નહોતા. માત્ર સોશિયલ મીડિયા પર મનોરંજન પૂરું પાડી વ્યૂઝ મેળવવા માટે આ હરકત કરી હતી. રેલવે કર્મચારી તરીકે મુસાફરોને ગેરમાર્ગે દોરવા અને સ્ટેશન પરિસરમાં ગેરકાયદે પ્રવેશ કરવા બદલ જ્જ પોલીસ સ્ટેશન સુરત ખાતે આરોપી વિરૂધ્ધ રેલવે અધિનિયમની કલમો હેઠળ કાર્યવાહી કરી હતી. અમ રીલ બનાવવા જતાં ભેખડે ભરાઇ જવાની નોબત આવી હતી.

ઓફલાઇન ગઠીયાઓનો પણ તૂટો નથીઃ બે જુદી જુદી ઘટનામાં લાખો ગયા

સસ્તામાં જમીન લેવા જતાં ૫૧ લાખનો ચૂનો

બિલ્ડરને ગઠીયાએ પોતાના સગાની જમીન છે કહી બારોબાર ખેડૂતની જમીનનો સોદો કરી રોકડા ગપચાવી લીધાઃ બીજી ઘટનામાં બેંકના ત્રેવીસ લાખ મેનેજર અને કેશિયર ખાઇ ગયા

રાજકોટ તા. ૨૬

ઠગાઇના બનાવો એક દિવસ પણ ન નોંધાય તેવુ બનતું નથી. રાજ્યભરમાં રોજે રોજ કોઇને કોઇ અલગ અલગ ફ્રોડનું શિકાર બનતું રહે છે. દરમિયાન હવે એક બિલ્ડરને સસ્તા ભાવે પ્લોટ અપાવી દેવાની લાલચ આપી લાખોની ઠગાઇ થઇ હતી. ખેડૂતની જાણ બહાર બારોબાર સોદો કરી ગઠીયાઓએ એકાવન લાખની છેતરપીંડી આચરી લીધી હતી. બીજી તરફ એક બેંક મેનેજર અને કેશીયરે સાથે મળી ત્રેવીસ લાખ ઓગણચાલીસ હજારનું ફ્રોડ આચર્યુ હતું.

પ્રથમ ઘટના જોઇએ તો ગાંધીનગરના કુડાસણની સીમમાં આવેલી જમીન સસ્તા ભાવે અપાવવાની અમદાવાદના બિલ્ડરને લાલચ આપીને હાંસોલના ભેજાબાજ શખ્સે મુળ ખેડૂતની જાણ બહાર બારોબાર જમીનનો સોદો નક્કી કરી નાખ્યો હતો. તેમજ બાના પેટે કુલ ૫૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે બિલ્ડરની ફરિયાદના આધારે ઇન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતા અને કન્સ્ટ્રક્શન તથા જમીન લે-વેચનો ધંધો કરતા રાજેશ છગન પટેલને તેમની ભાટ સર્કલ પાસે આવેલી ઓફિસમાં મુંજાલસિંહ ડાભી મારફતે હાંસોલના રવિ મનુ ઠાકોર સાથે પરિચય થયો હતો.

વધુ વિગત મુજબ આરોપી રવિએ કુડાસણ ગામની સીમમાં સર્વે/બ્લોક નંબરની જમીન તેના સગાની હોવાનું જણાવીને તેનું વેચાણ કરવા માટે પોતાની પાસે સત્તા હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. બાદમાં જમીન પસંદ આવતા બિલ્ડરે સ્થળ પર રોકડા ૨૫ લાખ રૂપિયા આપ્યા હતા. એ વખતે રવિએ ટોકન પેટે કુલ ૫૧ લાખ રૂપિયાની માંગણી કરતા મુંજાલસિંહ ડાભીએ પોતાની પાસેથી ૨૬ લાખ રૂપિયા આપીને કુલ ૫૧ લાખ રૂપિયા રવિ ઠાકોરને ચૂકવ્યા હતા. જેના અવેજીમાં રવિએ મૂળ ખેડૂત વિષ્ણુજી મોતીજી ઠાકોરના નામની ખોટી સહીઓ અને અંગ્રેજીમાં સહી કરેલું ૨૫ લાખ રૂપિયાનું લખાણ તથા વાઉચર પહોંચ અને વકાલાતનામું બનાવીને આપ્યું હતું.જેના પગલે બિલ્ડરે ૫૧ લાખ સામે ૨૫ લાખનું જ વાઉચર કેમ બનાવ્યું છે તેવી પૂછપરછ કરતા રવિએ બાકીના ખેડૂતની સહીઓ



પણ લાવી આપવાની ખાતરી આપી હતી.

જોકે સમય વીતવા છતાં તેના તરફથી કોઈ સંતોષકારક જવાબ નહીં મળતા બિલ્ડરે મૂળ ખેડૂતોનો સંપર્ક કર્યો હતો. આ દરમિયાન મૂળ ખેડૂતોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, રવિ મનુ ઠાકોર નામનો તેમનો કોઈ સગો નથી અને તેમણે કોઈને જમીન વેચાણ આપી નથી અને ન તો કોઈ વાઉચર કે સહીઓ કરી છે. ઉપરાંત ખેડૂતોએ વાઉચર પરની સહીઓ પોતાની ન હોવાનું જણાવતા બિલ્ડરને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. આ મામલે ઇન્ફોસિટી પોલીસે હાંસોલના રવિ મનુ ઠાકોર વિરુધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ ગાંધીનગર જિલ્લાના સોનારડા ગામની જના સ્મોલ ફાઇનાન્સ બેંક શાખામાં બ્રાંચ ઓપરેશન મેનેજર અને કેશિયરે મળીને બેંકની તિજોરીમાંથી લાખો રૂપિયા ઉપાડી અંગત ઉપયોગમાં વાપરી નાખ્યા હોવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. બેંકની તિજોરી બે અલગ-અલગ ચાવીથી જ ખૂલતી હોવા છતાં મેનેજર અને કેશિયરે સાથે મળીને ૨૩.૩૯ લાખની ઉચાપત કરીને તિજોરી સફાચટ કરી દેવાતા ડભોડા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. ગાંધીનગરના સોનારડા ગામની જના સ્મોલ ફાઇનાન્સ બેંક શાખામાં બ્રાંચ ઓપરેશન મેનેજર અને કેશિયરે બેંકની તિજોરીમાંથી લાખો રૂપિયા ઉપાડી અંગત ઉપયોગમાં વાપરી નાખતા બેંકના લોકરની સુરક્ષા પર સવાલ ભા થયા હતો.

આ બારામાં ન્યુ રાણીપ અમદાવાદ ખાતે રહેતા અને સોનારડાની જના સ્મોલ ફાઇનાન્સ બેંકમાં લીગલ મેનેજર તરીકે ફરજ બજાવતા યશસ્કર શર્માએ ડભોડા પોલીસ સ્ટેશનમાં વિજય બારોટ અને નિકુંજ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. બેંકની પ્રક્રિયા મુજબ રોકડ નાણાં સુરક્ષિત રાખવા માટે ખાસ તિજોરી હોય છે. જેની એક ચાવી બ્રાંચ ઓપરેશન મેનેજર પાસે અને બીજી ચાવી કેશિયર પાસે રહે છે. આ બંને ચાવી એકસાથે લગાવવામાં આવે તો જ તિજોરી ખૂલે તેવી વ્યવસ્થા હોવા છતાં બંને કર્મચારીઓએ પરસ્પર સાઠગાંઠ કરીને તિજોરીમાંથી નાણાં ગાયબ કર્યા હતા. આ કૌભાંડ માર્ચ મહિનામાં આવ્યું હતું.

જ્યારે કેશ મેનેજમેન્ટ સર્વિસિસના મેનેજર કુમોદરાજન દ્વારા સોનારડા બ્રાંચમાંથી ૮,૦૦,૦૦૦ અને ત્યારબાદ ૧૦,૦૦,૦૦ અન્ય બેંક શાખાઓમાં જમા કરાવવા માટે મેનેજર વિજય બારોટને સૂચના આપવામાં આવી હતી. એ વખતે વિજય બારોટે સર્વર ડાઉન હોવાના બહાના બતાવી નાણાં જમા કરાવવાનું ટાળ્યું હતું. આથી શંકા જતાં સીએમએસ મેનેજરે રૂબરૂ સોનારડા બ્રાંચમાં આવીને તપાસ કરતા બેંકની તિજોરીમાંથી કુલ ૨૩,૩૯,૦૧૩ ગાયબ હોવાનું જણાઈ આવ્યું હતું. આ અંગે કડક પૂછપરછ કરતાં બંને જણાએ કબૂલેલું કે તેમણે આ રકમ પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખી છે. જેના આધારે ફરિયાદ દાખલ કરાવાઇ હતી. જો કે આ કિસ્સામાં સાત લાખ પરત આપી દેતાં સોળ લાખની ઉચાપતનો ગુનો દાખલ કરાવાયો હતો.

પ્રેમી, પતિને છોડી ત્રીજા સાથે છાનગપતીયા કરતી મહિલાની ધોલાઇ

એકવીસ વર્ષના યુવાનને ચુમાલીસ વર્ષની મહિલા સાથે પ્રેમ થયો : મહિલા ત્રીજા પ્રેમી સાથે ઘરમાં પુરાતાં પ્રેમી ટાંકણે જ આવી ગયો : બંનેને ફટકારતાં વાત પોલીસ સુધી પહોંચી

રાજકોટ તા. ૨૬

દામ્પત્ય જીવનમાં દગાખોરી કરનારા અનેક પતિ કે પત્નિઓ હોય છે. પરંતુ રંગીલા શહેર રાજકોટમાં એક અજબની લફરાબાજીની કહાની સામે આવી હતી. જેમાં એકવીસ વર્ષના એક છોકરાને ચુમાલીસ વર્ષની મહિલા સાથે લવલફરૂ થઇ ગયું હતું. તે તેણીની સાથે લિવ ઇનમાં રહેવા માંડ્યો હતો. વળી તેણીના પતિને વાંધો ન હોઇ પતિ પણ આ બંને સાથેજ રહેતો હતો. અધુરામાં પુરૂ આ મહિલાને વળી કોઇ ત્રીજા સાથે લફરૂ થઇ ગયુ હતું. જેમાં તેણી આ ત્રીજા સાથે એકવીસ વર્ષના પ્રેમીના હાથે રંગેહાથ પકડાઇ જતાં બંનેની આ પ્રેમીએ ધોલધપાટ કરી નાંખી હતી.

વિગતો પર નજર કરીએ તો એરપોર્ટ વિસ્તારના મારૂતિનગર તરફ રહેતી ૪૪ વર્ષની એક પરિણીતા સિવિલ હોસ્પિટલમાં દાખલ થઇ હતી. તેણીને તેની સાથે લિવ ઇન રિલેશનશીપમાં રહેતાં ૨૧ વર્ષના પ્રેમીએ ઢીકાપાટા માર્યાનું જણાવાતાં તબિબે પોલીસ કેસ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગરમાં જાણ કરી હતી. તેણીને હોસ્પિટલે તેનો પ્રેમી જ લાવ્યો હતો, સાથે



પતિ પણ દેખરેખમાં હાજર હતો! અજબ લફરાબાજીની ગજબ એવી આ કહાની અંગે પ્રેમીએ કહ્યું હતું કે-મારે આગળ પાછળ કોઇ નથી, હું જ્યાં નોકરી કરી છુ એ દુકાન સામે જ આ પરિણીતા અને તેનો પતિ રહે છે. તેને સંતાન નથી. મારે પરિણીતા સાથે પરિચય થયા બાદ પ્રેમ થઇ જતાં અમે બંને લિવ ઇનમાં કેટલાક મહિનાથી રહીએ છીએ. આ સામે તેણીના પતિને વાંધો ન હોઇ પતિ પણ ભેગા જ રહે છે.

દરમિયન રવિવારે બપોરે હું દુકાનેથી કામ માટે અચાનક ઘરે પહોંચ્યો ત્યારે બહાર તાળુ હતું. પણ અંદર કોઇ હોવાની શંકા ઉપજતાં હું અગાસી પરથી થઇને ઘરમાં ઘુસતાં ૪૪ વર્ષિય પ્રેમિકા તેના કોઇ નવા જ પ્રેમી સાથે પકડાઇ ગઇ હતી. આથી મેં તેણીને અને તેના પ્રેમીને એમ બંનેને ધોલધપાટ કરી લીધી હતી. આ બનાવે વિસ્તારમાં પણ ચર્ચા જગાવી હતી.

આવી જ અન્ય એક ઘટના મોરબીના રંગપરમાં બની હતી. મુળ ઝારખંડની યુવતિને રાતે બે વાગ્યે પતિ કમ પ્રેમીએ બેફામ ધોલધપાટ કરતાં સારવાર માટે રાજકોટ ખસેડાઇ છે. અહિ તેને મારકુટ કરનાર પ્રેમી પણ તેની પત્નિ સાથે હાજર હતો. આ પ્રેમીએ કહ્યું હતું કે મારે સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પત્નિની કુટુંબી બહેન સાથે પ્રેમ થઇ જતાં તેને પણ મેં મારી સાથે પત્નિ તરીકે રાખી છે. હું રાતે નાઇટ ડ્યુટીમાં હતો. બે વખતે મારી પત્નિનો ફોન આવ્યો ત્યારે મને ખબર પડી હતી કે મારી બીજી પત્નિ (પ્રેમિકા) ઘરમાં નથી. આથી હું તેની શોધખોળ કરવા નીકળતાં નજીકમાં જાળીમાંથી તેણી તેના પ્રેમી સાથે નગ્ન જેવી હાલતમાં મળી આવતાં તેને ઘરે લાવી ધોલધપાટ કરી હતી. તેમ વધુમાં પ્રેમીએ જણાવ્યું હતું. આ ઘટનાની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને કરી હતી. બંને ઘટનામાં લફરાબાજીને કારણે જે થયું તેની ભારે ચર્ચા થઇ રહી છે.

એક તુક્કા, નુસ્ખાને લોકો સમજે જાગૃત થાય ત્યાં નવી તરકીબ લાવે છે સાયબર ગઠીયા

ડોક્ટરનો નંબર સર્ચ કર્યો ને સવા ચાર લાખનો ડામ

અપોઇન્ટમેન્ટ લેવા ગૂગલ પરથી નંબર શોધ્યોઃ ગઠીયાઓએ પાંચ રૂપિયા ફી લઇ એન્ટ્રી કરાવી પછી ફોર્મ ભરવાના નામે એપીકે ફાઇલ મોકલી ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર કરી લીધા

રાજકોટ તા. ૨૬

સાયબર ગઠીયાઓએ છેતરપીંડીના નવા જુના નુસ્ખાઓનો ઉપયોગ ચાલુ જ રાખ્યો છે. વધુ એક નવતર નુસ્ખાથી ઠગાઇ કરી હતી. જેમાં એક શિક્ષીકાએ ઓ ડોક્ટરની અપોઇન્ટમેન્ટ લેવા માટે ગૂગલ પર ડોક્ટરનું નામ નંબર સર્ચ કરી કોન્ટેકટ કરતાં ગઠીયાઓ ભેટી ગયા હતાં. ગઠીયાઓએ એપીકે ફાઇલ મોકલી ડાઉનલોડ કરાવડાવી ખાતુ સાફ કરી નાંખ્યું હતું. તેમના ખાતામાંથી ચાર લાખ બત્રીસ લાખ ગાયબ થઇ ગયા હતાં.

આ વખતે અમદાવાદના સરદારનગર વિસ્તારમાં સાંઇઠ વર્ષીય નિવૃત્ત શિક્ષિકાને સાયબર ગઠિયાઓએ લાખોનો ચૂનો લગાવ્યો. બીમાર પુત્ર માટે ડોક્ટરની એપોઇન્ટમેન્ટના બહાને એપીકે ફાઇલ મોકલી, તેમના બેંક ખાતામાંથી ૪.૩૨ લાખ રૂપિયા ઉપાડી લીધા. ઠગબાજોએ મહિલાના ફોનનો સંપૂર્ણ એક્સેસ મેળવી મેસેજ ફોરવર્ડ કરાવી લીધા હતા. સરદારનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી મુજબ સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા સાઇઠ વર્ષીય નિવૃત્ત મહિલા શિક્ષિકાને બીમાર પુત્ર માટે ડૉક્ટરની અપોઇન્ટમેન્ટ લેવાના બહાને એપીકે ફાઇલ મોકલી સાયબર ગઠિયાએ બેંક ખાતામાંથી ૪.૩૨ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા.

ઠગબાજોએ મહિલાના ફોનમાં અપોઇન્ટમેન્ટ બુકિંગના નામે એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી



સમગ્ર ફોન અને ઓટીપી સહિતના મેસેજ અન્ય નંબર પર ફોરવર્ડ કરાવી લીધા હતા. વધુ વિગતો મુજબ સરદારનગર માયા સિનેમા રોડ પર આવેલા ગોપાલપાર્કમાં રહેતા નિવૃત્ત શિક્ષિકા મંજુ શ્રી દુર્ગાચરણસિંહ રાજપૂતના દીકરા સમ્રાટસિંગની તબિયત ખરાબ થઈ હતી. જેથી તેણે ગુગલ પરથી ડૉક્ટર રવિન્દ્રકુમાર લોઢાનો સંપર્ક નંબર મેળવી ફોન કર્યો હતો.

ત્યારબાદ સામેવાળા શખસે અપોઇન્ટમેન્ટ ફોર્મ ભરવાના બહાને વોટ્સએપ નંબર પરથી અપોઇન્ટમેન્ટ બૂકીંગ એફયુડી.એપીકે નામની ફાઇલ મોકલી હતી અને પાંચ રૂપિયા ઓનલાઇન પ્રોસેસિંગ ફી ભરવા જણાવ્યું હતું. મહિલાએ ફાઇલ ઇન્સ્ટોલ કરી ગુગલ પે મારફતે ચુકવણીનોપ્રયાસ કર્યો હતો, પરંતુ પેમેન્ટ ફેલ થતાં અને સામેવાળા શખસની વાતચીત શંકાસ્પદ જણાતાં તેમણે વ્યવહાર અટકાવી દીધો હતો. પણ વૃદ્ધાના મોબાઇલ ફોનનો સંપૂર્ણ એક્સેસ અને મેસેજ અન્ય એક મોબાઇલ નંબર પર આપોઆપ ફોરવર્ડ થઈ ચૂક્યા હતા. બાદ સવારે તેના બેંક ખાતામાંથી ૭૫ હજાર રૂપિયા કપાયાનો મેસેજ આવતાં તેઓ તાત્કાલિક માયા સિનેમા સ્થિત બેંક શાખા ખાતે દોડી ગયા હતા અને એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યું હતું.

બેંક સ્ટેટમેન્ટ તપાસતા સામે આવ્યું હતું કે આગલા દિવસે પણ ૧.૬૫ લાખ રૂપિયા અને બાદમાં અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે ૨. ૬૯ લાખ રૂપિયા મળી કુલ ૪.૩૨ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. આ મામલે સરદારનગર પોલીસે ઠગ ટોળકી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ હવે ડોકટરની અપોઇન્ટમેન્ટ ઓનલાઇન નંબર શોધી બૂક કરાવતાં પહેલા પણ સો વખત વિચાર કરવો પડે તેવી હાલત આ સાયબર ગઠીયાઓને કારણે થઇ ગઇ છે. લોકો અને સાયબર ક્રાઇમ પોલીસ સાયબર ગઠીયાઓના એકાદ બે તુક્કાને હજુ સમજે વિચારે અને તેના પ્રત્યે જાગૃત બને ત્યાં આ ગઠીયાઓ નવી જ તરકીબ લાવીને વહેતી મુકી દઇ લોકોને સાયબર ફ્રોડની જાળમાં ફસાવી લેવામાં સફળ થઇ જાય છે. આ કિસ્સામા પણ ગઠીયાઓને સવા ચાર લાખથી વધુનો ધનલાભ થઇ ગયો હતો.

ગઠીયાગીરી કરનારાઓની વધુ બે કરતૂતઃ ચૌદ લાખ બાંસઠ હજારનો લાભ થયો

વર્ક પરમીટના નામે બાર લાખની ઠગાઇ

ઇન્સપેકટરના ડ્રાઇવરના નામે જ્વેલર્સને અઢી લાખનો ડામ દઇ દેવાયો



રાજકોટ તા. ૨૬

છેતરપીંડી કરનારાઓને કોઇની શેહશરમ નડતી નથી. ગમે ત્યારે ગમે તેને ગમે તેવી રીતે છેતરી લેનારા લેભાગુઓએ વધુ નવા બે કિસ્સાને અંજામ આપ્યો હતો. ફીનલેન્ડના વર્ક પરમીટના નામે બાર લાખથી વધુની ઠગાઇ થઇ ગઇ હતી. તો બીજી તરફ એક કિસ્સામાં પોલીસ ઇન્સ્પેકટરના ડ્રાઇવરના નામે જ્વેલર્સ સાથે અઢી લાખની છેતરપીડી થઇ હતી. આ બંને બનાવમાં પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાં વિશ્વાસઘાત અને ઠગાઇના બે અલગ-અલગ કિસ્સાઓમાં ભોગ બનનારાઓ પાસેથી કુલ ૧૪.૬૨ લાખની મત્તા પડાવી લેવામાં આવી હતી. પ્રથમ કિસ્સામાં એલિસબ્રિજ પોલીસ મથકના પીઆઇના ડ્રાઇવર તરીકેની ઓળખ આપીને એક આઉટસોર્સ ચાલકે સાબરમતીના જ્વેલર્સ સાથે ૨.૫૨ લાખની છેતરપિંડી આચરી હતી. જ્યારે બીજા બનાવમાં સુરતના એક ગઠિયાએ ફિનલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને અમદાવાદના વિઝા કન્સલ્ટન્ટ સાથે રૂપિયા બાર લાખ દસ હજારની ઉચાપત કરી હોવાની વિગતો સામે આવતાં સંબંધિત પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધી તપાસના ચક્રો ગતિમાન કરાયા હતાં.

ઠગાઇના કિસ્સા અંગે પોલીસે વિગતો આપતાં કહ્યું હતું કે સાબરમતી અચેર ઠાકોરવાસ પાસે ભગવતી જ્વેલર્સ ધરાવતા મહેશકુમાર જગદીશચંદ સોનીની દુકાને આરોપી મુકેશસિંહ દિપસિંહ રાઠોડે પોતે એલિસબ્રિજ પોલીસ મથકમાં પીઆઇના ડ્રાઇવર હોવાની ઓળખ આપી પારિવારિક ઓળખાણ કેળવી હતી. આરોપીએ દુકાને આવીને ૩.૨૦ લાખની ૨૨ કેરેટ સોનાની સ્દ્રાક્ષની માળા તેમજ ૨૭ હજારની ભગવાન કૃષ્ણની મૂર્તિવાળી સોનાની માળા મળી કુલ ૩.૪૭ લાખના દાગીના ખરીદ્યા હતા. એક અઠવાડિયામાં પૈસા ચૂકવવાનો વાયદો આપી દાગીના લઈ ગયા બાદ આરોપીએ માત્ર ૯૫ હજાર જ ચૂકવ્યા હતા અને બાકીના ૨.૫૨ લાખ ન આપી ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. વેપારી પોલીસ મથકે પહોંચતાં આરોપીએ ચેક આપ્યો હતો પરંતુ, બાદમાં ચેક બેંકમાં ન ભરવા જણાવી રોકડા આપવાના બહાને આજદિન સુધી રૂપિયા ન આપતાં સાબરમતી પોલીસે મુકેશસિંહ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ઠગાઈની બીજી ઘટના જોઈએ તો વધુ એક વખત વિઝાના નામે લાખોનો ચૂનો લગાવી દેવાયો હતો. વેજલપુરમાં રહેતા અને ફ્રીલાન્સ વિઝા સલાહકાર તરીકે કામ કરતા દેવાંગભાઈ ઉપાધ્યાય સાથે મોટી છેતરપિંડી થઈ હતી. ગ્રાહકોના વિઝા પ્રોસેસ અર્થે તેઓ આશ્રમ રોડ સ્થિત રત્ના બિઝનેસ સ્કવેરમાં આવેલી મહંત ટ્રાવેલ્સની ઓફિસે ગયા ત્યારે સુરતના ધવલ મહેન્દ્રકુમાર દોશી સાથે તેમનો સંપર્ક થયો હતો. આરોપી ધવલ દોશીએ પોતે ફિનલેન્ડનું તમામ વિઝા કામકાજ સંભાળતો હોવાનું કહી પ્રતિ વ્યક્તિ ૭.૫૫ લાખમાં વિઝા કરાવી આપવાની બાંહેધરી આપી હતી. જેમાં રજિસ્ટ્રેશન પેટે પંચાવન હજાર અને વિઝા ન મળે તો ચાલીસ હજાર પરત કરવાની ખાતરી આપી હતી.

ફરિયાદીએ તેની વાતોમાં આવી ૧૮ ગ્રાહકોના વર્ક વિઝા માટે ટુકડે-ટુકડે પોતાના બેંક ખાતામાંથી કુલ ૧૨.૧૦ લાખ આરોપીના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. નાણાં મેળવ્યા બાદ આરોપી ધવલ દોશીએ ફરિયાદીને દિલ્હી એફ.એસ.એસ. સેન્ટર ખાતે બોલાવી કરાર કર્યા હતા અને ત્યારબાદ ઈ-મેઈલ મારફતે ફિનલેન્ડની ફી રસીદો, મિગ્રી લેટર, પાતોસ લેટર તેમજ રેસિડન્સ વિઝાની નકલો અને એર ટિકિટો મોકલી આપી હતી. પણ સંબંધિત કચેરીઓમાં ચકાસણી કરાવતાં આ તમામ દસ્તાવેજો અને ટિકિટો સંપૂર્ણ બોગસ સાબિત થયા હતા. વધુ તપાસમાં આરોપીએ આપેલા ઓળખકાર્ડ અને રહેઠાણનું સરનામું પણ બનાવટી હોવાનું ખુલ્યું હતું. લાખો રૂપિયા પડાવી લઈને વિઝા ન આપતાં આખરે દેવાંગભાઈએ નવરંગપુરા પોલીસ મથકમાં ધવલ દોશી વિરૂધ્ધ વિધિવત ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.


રાજ્યભરની અદાલતોમાં કાર્યરત ધારાશાસ્ત્રીઓ અને વકીલ મંડળો માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ સમાચાર

રાજ્યના ૨૮૨ બાર એસો. ની ૧૮ ડિસેમ્બરે ચૂંટણી

ટ્રેઝરર પદ અને કારોબારીમાં ૩૦ ટકા મહિલા અનામત ફરજિયાત : આગામી ૧૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના તમામ વકીલ મંડળોમાં એકસાથે મતદાન પ્રક્રિયા હાથ ધરાશે

રાજકોટ, તા. ૨૬

રાજ્યભરની અદાલતોમાં કાર્યરત ધારાશાસ્ત્રીઓ અને વકીલ મંડળો માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સમગ્ર રાજ્યના તમામ ૨૮૨ બાર એસોસિએશનો માટે સામાન્ય ચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. આગામી ૧૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના તમામ વકીલ મંડળોમાં એકસાથે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરી ખાતે ગત ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાયેલી સામાન્ય સભામાં 'ગુજરાત બાર એસોસિએશનના નિયમો, ૨૦૧૫' અનુસાર સર્વાનુમતે ઠરાવ પસાર કરીને આ નિર્ણાયક સમયપત્રક નક્કી કરવામાં આવ્યું છે. આ વ્યાપક ચૂંટણી પ્રક્રિયાને નિષ્પક્ષ, સુચારુ અને સંપૂર્ણ શિસ્તબદ્ધ વાતાવરણમાં પૂરી કરવા માટે બાર કાઉન્સિલે રાજ્યના તમામ બાર એસોસિએશનોના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ સેક્રેટરીને એક ખાસ પત્ર પાઠવીને આદેશોનું અક્ષરશઃ પાલન કરવાની કડક સૂચના આપી દીધી છે.



આ વખતે યોજાનારી ચૂંટણીમાં મહિલા ધારાશાસ્ત્રીઓની સક્રિય ભાગીદારી વધારવા માટે વકીલ આલમમાં એક અતિ મહત્ત્વનો અને ઐતિહાસિક સુધારો કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા 'મીના એ. જગતાપ વિરુદ્ધ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા' કેસમાં આપવામાં આવેલા ચુકાદા તેમજ ગુજરાત હાઈકોર્ટના વિવિધ દિશા-નિર્દેશોને ધ્યાનમાં રાખીને બાર એસોસિએશનોમાં મહિલા અનામત લાગુ કરવાનો નિર્ણય કરાયો છે. જે અંતર્ગત દરેક બાર એસોસિએશનની કારોબારી સમિતિમાં ૩૦ ટકા બેઠકો મહિલા વકીલો માટે અનામત રહેશે, જ્યારે કારોબારીના અતિ મહત્ત્વના ગણાતા ટ્રેઝરર (ખજાનચી) પદ પર પણ મહિલા ઉમેદવારની પસંદગી ફરજિયાત બનાવવામાં આવી છે. આ ઉપરાંત, મતદાન પ્રક્રિયામાં થતી ગડબડ અટકાવવા માટે 'વન બાર, વન વોટ'નો સિદ્ધાંત કડક રીતે લાગુ કરાશે. એટલે કે કોઈ પણ વકીલ માત્ર એક જ બાર એસોસિએશનમાં મતદાર તરીકે નોંધણી કરાવી શકશે. જો કોઈ ધારાશાસ્ત્રી એકથી વધુ બાર એસોસિએશનમાં મત આપતા ઝડપાશે અથવા બેવડી નોંધણી ધરાવતા હોવાનું સામે આવશે તો તેમની સામે કાયદાકીય અને શિસ્તભંગના કડક પગલાં ભરવામાં આવશે.

આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને પારદર્શી અને નિર્દોષ રાખવાની મુખ્ય જવાબદારી જે-તે બાર એસોસિએશનના હોદ્દેદારો અને નિયુક્ત કરાયેલા ચૂંટણી અધિકારીઓની રહેશે. મતદાર યાદીનું યોગ્ય પ્રકાશન કરવું, મૌખિકને બદલે લેખિતમાં મળેલા વાંધાઓનો કાયદાનુસાર નિકાલ કરવો અને મતદાન પૂર્ણ થયા બાદ તુરંત જ પરિણામ જાહેર કરીને તેની સત્તાવાર જાણ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને કરવી ફરજિયાત રહેશે. ચૂંટણી પૂર્ણ થયા પછી જો કોઈ ઉમેદવાર કે ધારાશાસ્ત્રીને ચૂંટણી પ્રક્રિયા અથવા જાહેર થયેલા પરિણામો સામે કોઈ ગંભીર વાંધો કે ગેરરીતિની શંકા હોય, તો તેઓ પરિણામ જાહેર થયાના દસ દિવસની અંદર બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સમક્ષ વિધિવત રીતે પોતાની અપીલ કે ફરિયાદ દાખલ કરી શકશે. બાર કાઉન્સિલના આ સુસ્પષ્ટ આદેશ બાદ હવે રાજ્યભરના વકીલોમાં ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે અને ઉમેદવારોએ પોતપોતાની દાવેદારી મજબૂત કરવા માટે તૈયારીઓ આરંભી દીધી છે.

તબક્કાવાર ચૂંટણી પ્રક્રિયા અને તારીખોનું વિગતવાર માળખું

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી શિડ્યુલ મુજબ તમામ વકીલ મંડળોએ નિશ્ચિત સમયમર્યાદામાં પોતાની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે.

- સૌથી પહેલાં, દરેક બાર એસોસિએશને પોતાના કાયદેસરના નોંધાયેલા સભ્યોની આખરી યાદી ૨૦ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં બાર કાઉન્સિલની મુખ્ય કચેરી ખાતે મોકલી આપવાની રહેશે.
- ત્યારબાદ, સમગ્ર પ્રક્રિયાનું સંચાલન કરવા માટે ૨૧ નવેમ્બર સુધીમાં તમામ સ્થળોએ ચૂંટણી અધિકારી (ચૂંટણી કમિશનર) ની નિમણૂક કરવાની રહેશે.
- ૨૩ નવેમ્બરે સંબંધિત બાર એસોસિએશનના નોટિસ બોર્ડ પર પ્રારંભિક મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.
- આ મતદાર યાદી સામે કોઈ વકીલને વાંધો કે ફરિયાદ હોય, તો તેઓ ૨૫થી ૨૭ નવેમ્બર દરમિયાન ચૂંટણી અધિકારી સમક્ષ લેખિતમાં રજૂઆત કરી શકશે.
- તમામ રજૂઆતો અને વાંધાઓનો યોગ્ય નિકાલ કર્યા બાદ ૩૦ નવેમ્બરે આખરી મતદાર યાદી જાહેર કરાશે.
- ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા ૧ ડિસેમ્બરથી શરૂ થઈને ૫ ડિસેમ્બર સુધી ચાલશે.
- ભરાયેલા ફોર્મની ચકાસણી (સ્ક્રૂટની) ૭ ડિસેમ્બરે કરવામાં આવશે, જ્યારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની આખરી તારીખ ૮ ડિસેમ્બર નક્કી કરાઈ છે.
- ૯ ડિસેમ્બરે આખરી ઉમેદવારોનું લિસ્ટ જાહેર થયા બાદ ૧૮ ડિસેમ્બરે સવારે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા હાથ ધરાશે.

શિક્ષણ જગતમાં ભૂકંપ

રાજ્યની ૧૭ હજાર સ્વનિર્ભર શાળાઓ લડાયક મૂડમાં

૯-૧૦ ડિસેમ્બરે શાળાઓ બંધ રાખી વિરોધ નોંધાવશે શિક્ષણ વિભાગ સામે આર-પારની લડાઈનું રણશિંગું



રાજકોટ, તા. ૨૬

રાજ્યની સ્વનિર્ભર શાળાઓના પ્રશ્નો અને પડતર માંગણીઓને લઈને સરકાર તથા શિક્ષણ વિભાગ સામે આર-પારની લડાઈનું રણશિંગું ફૂંકાઈ ચૂક્યું છે. લાંબા સમયથી રજૂઆતો કરવા છતાં યોગ્ય નિકાલ ન આવવાના કારણે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આંદોલનનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે અને રાજ્યવ્યાપી અસહકાર આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

વિગતવાર માહિતી મુજબ, ગુજરાતની ૧૭,૦૦૦થી વધુ સ્વનિર્ભર શાળાઓના હિત, અધિકાર, સ્વાયત્તતા અને અસ્તિત્વની રક્ષા માટે કાર્યરત સંચાલક મંડળ દ્વારા સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં પ્રશ્નોનું નિરાકરણ ન આવતા સંચાલકોમાં ભારે રોષ અને નારાજગી ફેલાઈ છે. મંડળના અગ્રણીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે શાળાઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવું એ સીધી રીતે સરકાર અને શિક્ષણ વિભાગની જવાબદારી છે. જો સમયસર સકારાત્મક અભિગમ અપનાવીને યોગ્ય ઉકેલ નહીં લાવવામાં આવે, તો સંચાલકોને લોકશાહી માર્ગે મજબૂર થઈને આંદોલનનો રસ્તો અપનાવવો પડશે.

આ વિરોધ પ્રદર્શનને વ્યાપક રૂપ આપવા માટે આગામી ૩૦ ઓક્ટોબરે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનનું ભવ્ય મહાસંમેલન યોજાવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી સ્વનિર્ભર શાળા સંચાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને શાળાઓના પડતર પ્રશ્નો, સ્વાયત્તતા અને અધિકારો અંગે સંકલિત રજૂઆત કરશે. રાજકોટના આ મહાસંમેલન બાદ રાજ્યના અન્ય ઝોનમાં પણ ક્રમશઃ સંમેલનો યોજી સરકાર સમક્ષ પ્રશ્નો રજૂ કરવામાં આવશે અને દિવાળી બાદ ગાંધીનગર ખાતે વિશાળ સામૂહિક રજૂઆતનો કાર્યક્રમ યોજાવાનું પણ આયોજન છે.

મહાસંમેલન અને સામૂહિક રજૂઆતો બાદ પણ જો સરકાર તરફથી કોઈ જ સકારાત્મક પ્રતિસાદ નહીં મળે અને સંચાલકો સાથે યોગ્ય ચર્ચા કરવામાં નહીં આવે, તો મહાસંમેલનના જાહેર કાર્યક્રમ મુજબ આગામી તારીખ ૯ અને ૧૦ ડિસેમ્બરે રાજ્યવ્યાપી બે દિવસ શાળાઓ બંધ રાખીને વિરોધ પ્રદર્શન કરવાનો આકાર લેવામાં આવશે. મંડળ દ્વારા આ અંગે વિશેષ ભારપૂર્વક સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ લડત કોઈ વ્યક્તિગત કે સ્વાર્થ માટે નથી, પરંતુ ગુજરાતની તમામ સ્વનિર્ભર શાળાઓના અસ્તિત્વ, સ્વાયત્તતા, અધિકારો અને ભવિષ્યની રક્ષા માટેનો એક અનિવાર્ય સામૂહિક સંઘર્ષ છે. આ આંદોલનને સફળ બનાવવા માટે રાજ્યભરની શાળાઓના સંચાલકો એકતાના સૂત્રે બંધાઈને સંપૂર્ણ સહયોગ આપવા માટે કટિબદ્ધ બન્યા છે.

લોકશાહીના મહાપર્વની રંગત

SIRમાં ૧૭,૫૬૬ સુધારા અરજીઓ

૧૮ થી ૧૯ વર્ષના ૬,૧૮૫ યુવા મતદારોએ ભર્યા ફોર્મ

રાજકોટ, તા. ૨૬

રાજકોટ જિલ્લામાં ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર ચાલી રહેલા મતદાર યાદી વિશેષ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત નાગરિકો તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા ખાસ ઝુંબેશના દિવસો-ગત ૧૧ ઓક્ટોબર, ૧૮ ઓક્ટોબર અને ગઈકાલે ૨૫ ઓક્ટોબર દરમિયાન વોર્ડ મથકો પર મતદારોની વ્યાપક ઉપસ્થિતિ જોવા મળી હતી. આ ત્રણ દિવસીય મહાઅભિયાન દરમિયાન રાજકોટ જિલ્લામાં નવા નામ ઉમેરવાથી લઈને નામ કમી કરવા અને વિગતોમાં સુધારા-વધારા માટે હજારોની સંખ્યામાં ફોર્મ ભરાઈને પરત આવ્યા છે, જે લોકશાહી પ્રત્યેની નાગરિકોની સજાગતા અને પરિપક્વતાની પ્રતીતિ કરાવે છે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રાપ્ત સત્તાવાર આંકડાઓ અનુસાર, આ ત્રણ વિશેષ ઝુંબેશ દિવસો દરમ્યાન રાજકોટ જિલ્લામાં કુલ ૬,૧૮૫ યુવા મતદારોનાં ફોર્મ ભરાઈને પરત આવ્યા છે, જે દર્શાવે છે કે નવયુવાનો દેશના ભવિષ્યને ઘડવા માટે કેટલા ઉત્સાહી છે. આ ઉપરાંત, નવા નામ ઉમેરવા માટેનું ફોર્મ નં. ૬ કુલ ૧૪,૯૮૩ જેટલી મોટી સંખ્યામાં પ્રાપ્ત થયું છે. જ્યારે મતદાર યાદીમાંથી નામ કમી કરવા માટેનાં ફોર્મ નં. ૭ ના કુલ ૧,૪૪૮ ફોર્મ તથા નામ, સરનામું, ઉંમર કે ફોટો જેવી વિગતોના સુધારા-વધારા માટેનાં ફોર્મ નં. ૮ ના સૌથી વધુ ૧૭,૫૬૬ ફોર્મ ભરાઈને પરત આવ્યા છે, જે નાગરિકોમાં પોતાની યાદી અદ્યતન રાખવાની જાગૃતિને ઉજાગર કરે છે.



આ સમગ્ર વિશેષ અભિયાનની ખાસિયત એ રહી છે કે જેમ-જેમ ઝુંબેશના દિવસો આગળ વધ્યા, તેમ-તેમ નાગરિકોનો ધસારો અને ઉત્સાહ ઉત્તરોત્તર વધતો ગયો છે. વહીવટીતંત્ર દ્વારા અગાઉથી જ તા. ૧૧/૧૦, તા. ૧૮/૧૦ અને તા. ૨૫/૧૦ ના દિવસો ખાસ ઝુંબેશ માટે જાહેર કરવામાં આવ્યા હતા, જેનું પરિણામ તારીખવાર આંકડાઓમાં સ્પષ્ટ નજરે પડે છે. ગત ૧૧ ઓક્ટોબરના રોજ યોજાયેલા પ્રથમ તબક્કામાં ફોર્મ નં. ૬ ના કુલ ૩,૬૨૦ ફોર્મ મળ્યા હતા, જે પૈકી નવા મતદારોના કુલ ૧,૬૯૯ ફોર્મ સામેલ હતા. ત્યારબાદ, ગત ૧૮ ઓક્ટોબરના રોજ યોજાયેલી બીજી ખાસ બેઠકમાં નાગરિકોનો વ્યાપક સહયોગ સાંપડતા ફોર્મ નં. ૬ ના કુલ ૪,૨૧૧ ફોર્મ પ્રાપ્ત થયા હતા, જેમાંથી ૧,૭૮૭ નવા મતદારોના ફોર્મ હતા. જ્યારે ગઈકાલે તા. ૨૫ ઓક્ટોબરના રોજ યોજાયેલા આખરી અને અંતિમ ઝુંબેશ દિવસે તો રેકોર્ડબ્રેક ઉત્સાહ જોવા મળ્યો હતો અને એક જ દિવસમાં ફોર્મ નં. ૬ ના સૌથી વધુ ૭,૧૫૨ ફોર્મ મળ્યા હતા, જેમાં નવા મતદારોના કુલ ૨,૬૯૯ ફોર્મનો સમાવેશ થાય છે.

આ પ્રકારે યોજાયેલી ખાસ બેઠકો અને ઝુંબેશના માધ્યમથી રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શુદ્ધ, સચોટ અને દોષરહિત મતદાર યાદી તૈયાર કરવાનું જે લક્ષ્ય રાખવામાં આવ્યું છે, તેને જનતાનો ભરપૂર સાથ મળ્યો છે. એક જ મહિનાના અંતરાલમાં યોજાયેલા આ ત્રણ તબક્કાઓએ માત્ર વહીવટી કામગીરીને જ સરળ નથી બનાવી, પરંતુ છેવાડાના નાગરિક સુધી ચૂંટણી પંચના સંદેશને પહોંચાડીને લોકશાહીના મૂળિયાઓને વધુ મજબૂત બનાવવાનું સાર્થક કાર્ય કર્યું છે.

કોંગ્રેસની અરાજકતા અને કૂપ્રચાર સામે રાજકોટમાં

ભાજપનું મોટું શક્તિપ્રદર્શન

'લોકશાહી બચાવો, અરાજકતા હટાવો' નારા સાથે યોજાશે ભવ્ય રેલી : પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાની હાજરીમાં સૌરાષ્ટ્રની ધરા પરથી અવાજ બુલંદ થશે



રાજકોટ, તા. ૨૬

રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર સંગઠનના પ્રભારી અનિરુદ્ધ દવેએ ભાજપના આગામી મહત્ત્વના રાજકીય કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી આપતા કોંગ્રેસની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકારે હંમેશાં રાજ્યના નાગરિકોની સાથે રહીને જનહિતના નિર્ણયો લીધા છે. પરંતુ બીજી તરફ, પ્રજામાંથી સંપૂર્ણપણે ફેંકાઈ ગયેલી કોંગ્રેસ હવે સત્તા મેળવવા માટે કૂપ્રચાર અને અરાજકતા ફેલાવવાના હવાતિયાં મારી રહી છે. કોંગ્રેસના આ નકારાત્મક વલણ અને અરાજકતાના વાતાવરણ સામે ભાજપ દ્વારા રાજકોટમાં 'લોકશાહી બચાવો અને અરાજકતા હટાવો' કાર્યક્રમ હેઠળ ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસની હલકી કક્ષાની રાજનીતિ પર પ્રહાર કરતાં ભાજપ નેતૃત્વએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પ્રજાની વચ્ચે જવામાં સાવ નિષ્ફળ ગઈ છે અને જનતાએ તેને નકારી કાઢી છે. હવે સત્તા મેળવવા માટે તે લોકશાહીનું વાતાવરણ ડહોળવાનો અને તખ્તો પલટાવવાનો અસફળ પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસને કારણ વગર કોઈપણ મુદ્દે રાજકારણ કરવાની ટેવ પડી ગઈ છે. ભૂતકાળમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માટે 'મોતના સોદાગર' જેવા ઝેરીલા શબ્દોનો પ્રયોગ કરનાર કોંગ્રેસના નેતાઓ હવે મર્યાદાની *ઊ'ઊ સીમાઓ વટાવી ચૂક્યા છે. વડાપ્રધાનના સ્વર્ગસ્થ પિતાજી તેમજ પૂજનીય માતાજી માટે પણ ન બોલવાના હલકા શબ્દો ઉચ્ચારવામાં આવ્યા છે, જેને ભાજપ અને દેશની જનતા સખત શબ્દોમાં વખોડી કાઢે છે. કોંગ્રેસે ઊભા કરેલા આ અરાજકતાના વાતાવરણ સામે જનજાગૃતિ લાવવા અને લોકશાહીનું રક્ષણ કરવા માટે ભાજપ હવે આક્રમક રીતે મેદાને ઊતર્યું છે.

રાજકોટમાં યોજાનારી આ મહારેલી અંગે માહિતી આપતાં જણાવાયું હતું કે, બહુમાળી ભવન સ્થિત અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ પાસેથી આ વિરાટ રેલીનો પ્રારંભ થશે અને તે યાજ્ઞિક રોડ સ્થિત સ્વામી વિવેકાનંદના સ્ટેચ્યુ સુધી જશે. આ ભવ્ય રેલીમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ખાસ હાજર રહીને રેલીનું નેતૃત્વ કરશે, જ્યારે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા સહિતના ક્ષેત્રિય નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે.

બીજી તરફ, રાજ્યમાં સર્જાયેલી વરસાદી સ્થિતિ અંગે માહિતી આપતાં સંગઠન નેતૃત્વએ જણાવ્યું હતું કે, જે જિલ્લાઓમાં આ વર્ષે વરસાદ ઓછો થયો છે ત્યાં ગુજરાત સરકાર સંપૂર્ણ સંવેદનશીલતા સાથે પ્રજાની સાથે ઊભી છે. ઓછો વરસાદ ધરાવતા ચારેય જિલ્લાઓમાં વિધિવત રીતે અછત જાહેર કરી દેવામાં આવી છે. અછતગ્રસ્ત વિસ્તારોમાં માલધારીઓ અને પશુઓ માટે ઘાસચારાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ ખેડૂતો માટે પણ જરૂરી રાહત અને વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરાઈ છે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણીના પ્રશ્ને કોંગ્રેસ દ્વારા ફેલાવવામાં આવતી ભ્રામક વાતોનો જડબાતોડ જવાબ આપતાં સંગઠન મંત્રીએ સ્થિતિ સ્પષ્ટ કરી હતી કે, સરકારે સૌરાષ્ટ્ર-કચ્છીઓને પીવાના કે સિંચાઈના પાણી માટે મુશ્કેલી ન પડે તેવું આયોજન કર્યું છે. નિયમ મુજબ સૌથી પહેલાં નાગરિકો માટે પીવાના પાણીની વ્યવસ્થાને પ્રાથમિકતા આપવામાં આવશે અને ત્યારબાદ જળસંચયની સ્થિતિ મુજબ સિંચાઈ માટેના પાણીની સુચારુ વ્યવસ્થા કરવામાં આવશે. ભાજપની આ રેલી કોંગ્રેસના કૂપ્રચારને ખુલ્લો પાડશે અને સૌરાષ્ટ્રની ધરા પરથી લોકશાહીના રક્ષણનો બુલંદ મેસેજ આપશે.